પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૬ • અંક : ૭૬ • કુલ પાના : ૪ • તારીખ : ૨૧-૧૧-૨૦૨૨ સોમવાર • કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 9712880678 panchmahalsamachar@gmail.com panchmahalsamachar panchmahalsamachar www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગૃપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦


## વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સૌરાષ્ટ્રમાં જાહેરસભાઓને સંબોધન કર્યું

# ડબલ એન્જીનની સરકારને સપોર્ટ કરીને વિકાસની ગાથાને આગળ વધારવા વડાપ્રધાને આહવાન કર્યું

રાજકોટ,

નરેન્દ્રભાઈ મોદીએ આજે દ્વાદશ જ્યોતિર્લિંગ પૈકી એક એવા સૌરાષ્ટ્રના સોમનાથ ખાતે પહોંચી ભગવાન ભોલેનાથની પૂર્ણ ભક્તિભાવ પૂર્વક પૂજા અર્ચના કરી હતી. ત્યારબાદ ગીર સોમનાથ જિલ્લાના વેરાવળ ખાતે પહોંચી ગીર સોમનાથ જિલ્લાની ચાર બેઠકોના ભારતીય જનતા પાર્ટીના ઉમેદાવારોના સમર્થનમાં વિશાળ જનસભાને સંબોધન કર્યું હતું.

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ સંબોધતા જણાવ્યું હતું કે, લોકતંત્રના મહાપર્વમાં સૌરાષ્ટ્ર વિસ્તારની આ પહેલી સભા સોમનાથ દાદાની ધરતી ઉપર થઈ રહી છે. સોમનાથ દાદાના આર્શિવાદ અને જિલ્લાના જનતા જનાર્દન આર્શિવાદ મળવાથી મારા તમામ રેકોર્ડ તોડી ભૂપેન્દ્રના નવા રેકોર્ડ સ્થાપિત થવાની છે તે નક્કી થઈ ગયું છે. આપણે સૌ એ મતદાન કરવું એ લોકતંત્રમાં ખૂબ જ આવશ્યક છે. મોદી વધુમાં જણાવ્યું હતુ કે, અત્યાર સુધી રાજ્યએ વિકાસની હરણફાળ ભરવામાં પાછી પાની કરી નથી. લોકતંત્રના આ મહાપર્વમાં ગુજરાતમાં વિકાસની ગતિ બંધ ન થાય તે માટે ડબલ એન્જિનની સરકાર આ વખતે પણ સ્થાપીત કરવી જરૂરી છે. ચૂંટણીમાં મત માંગવા એ મારૂ કર્તવ્ય છે, મતદાન કરવું એ તમારૂ કર્તવ્ય છે. આ વખતે નરેન્દ્રના નામે થયેલ તમામ રેકોર્ડ ભૂપેન્દ્ર તોડે તેવી મારી અદમ્ય ઈચ્છા છે અને તેના માટે તમારે મતદાન કરવાનું છે. ગુજરાતની જનતા આજ દિન સુધી ભારતીય જનતા પાર્ટી ઉપર ભરોસો મૂકતી આવી છે આ વખતે પણ એ વિશ્વાસ કાયમ રાખી ગુજરાતને પ્રગતિના પંથે લઈ જવા અપીલ કરી હતી.



મોદીએ વધુમાં જણાવ્યું હતું કે, પહેલાં ગુજરાતની છબી ખરડાયેલી હતી અને દેશ અને વિશ્વમાં વાતો થતી હતી કે ભારત કાંઈ નહીં કરી શકે અને ગુજરાત પણ કાંઈ નહીં કરી શકે. પહેલાં એક રૂપિયાનું કામ કરાવવું હોય તો આપણે સો રૂપિયાનો ખર્ચ કરવો પડતો હતો. પરંતુ આજે ગુજરાતને શું જોઈએ છે તેમની મારી કેન્દ્રની સરકારને ખબર હોવાથી ગુજરાત માંગે તે પહેલાં ગુજરાતને આપી દેવામાં આવે છે. આજે ગુજરાતની ધરતી દરેક ક્ષેત્રમાં પાણીદાર બનાવી દીધી છે. પીવાનું શુધ્ધ પાણી ઘેર ઘેર પહોંચાડવામાં આવ્યું છે. સૌરાષ્ટ્રની સુકી ધરતી ઉપર ધરતી પુત્રોને સિંચાઈનું પાણી મળી રહે તે માટે નર્મદા જિલ્લામાંથી કચ્છની સુકી ધરતી સુધી માં નર્મદાને પહોંચાડવામાં આવી છે. દિકરીઓ આજે દેશમાં જ ઉચ્ચ અભ્યાસ કરી સૌથી ઉંચા હોદા ઉપર રોજગારી મેળવી દેશનું અને રાજ્યનું નામ રોશન કરી રહી છે. ટુરીઝમ ક્ષેત્રે પણ ગુજરાત રાજ્યએ હરણફાળ ભરી છે. ગુજરાતના ટુરીઝમની આજે વિશ્વમાં ચર્ચા થઈ રહી છે.અહીં જનસભા સંબોધતાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યુ કે, બધા મને કહે છે કે ભાજપ જ જીતવાની છે. તમે કેમ દોડો છો? પણ આ મારું કર્તવ્ય છે. તમે પોલિંગ બુથ જીતીને બતાવજો. નરેન્દ્રના તમામ રેકોર્ડ ભૂપેન્દ્ર તોડે તેવી મારી ઈચ્છા છે. ૧-૧ રન બહુ થયા, હવે સીધી સેન્ચુરી મારીશું. પીએમ મોદીએ કહ્યુ કે, આજે ગુજરાતનો દરિયાકિનારો ધમધમે છે. ગુજરાતના બંદરો દેશની સમૃદ્ધિના દ્વાર છે. ગુજરાતના માછીમારો દુનિયામાં ડબલ નિકાસ કરે છે. ખેડૂતો અને સાગરખેડૂઓ માટે અમે યોજનાઓ લાવ્યા છે. ગુજરાતના વિકાસ પર અગાઉ શંકાઓ થતી. દીકરીઓ ભણતી નોહતી. આપણે ગુજરાતમાં મોટું અભિયાન ચલાવ્યું. આજે દીકરીઓ ભણી-ગણીને નામ રોશન કરી રહી છે.

અગાઉ લાકડા સળગાવી રોટલા બનાવવા પડતા. શરીરમાં ૪૦૦ જેટલો ધુમાડો જતો. આ દીકરાએ એની ચિંતા કરી છે. મફ્ત ગેસ સિલિન્ડર આપ્યા, નળથી જળ પહોંચાડ્યું છે. પહેલા માતા-દીકરીઓ બીમાર પડે તો દેવાના ડરે કહેતી નહોતી. તે માટે આયુષ્માન યોજના લાવ્યો. તમારો દીકરો તમારા માટે બેઠો છે.

દરમિયાન વડાપ્રધાન રાજકોટના ધોરાજીમાં સંબોધન કરતાં પીએમ મોદીએ કહ્યું, બે દાયકાના આપણાં સંયુક્ત પુરુષાર્થનું પરિણામ છે, ભાજપને જનતાના અસીમ આશીર્વાદ મળી રહ્યા છે. ગુજરાતીઓના જોમ-જુસ્સાની સાથે નિર્માણ, નિકાસ અને રોકાણના કારણે મારા ગુજરાતનો ડંકો વિશ્વભરમાં વાગી રહ્યો છે. મોદીએ કહ્યું કે, માં નર્મદા માટે કેટલા બધા ડખ્ખા થયા ભાઈઓ. પંડિત જવાહલાલ નહેરુંએ સરદાર સરોવર ડેમનો શિલાન્યાસ કર્યો હતો અને આ નરેન્દ્ર મોદીએ આવીને આ ડેમનું ઉદ્ઘાટન કર્યું. તમે વિચાર કરો કેટલા રૂપિયા અને કેટલા સમય બરબાદ થયો. કેવા કેવા લોકો આ નર્મદાને આડે આવ્યા હતા.

પીએમ મોદીએ કહ્યું કે, 'ગઈકાલે છાપામાં છપાયેલા કોંગ્રેસના એક નેતાનો ફોટો તમે જોયો હશે. જેમાં કોંગ્રેસના એક નેતા એક બહેનના ખભા પર હાથ મુકેલ જોવા મળી રહ્યા છે. આ નેતા, કોંગ્રેસ પાર્ટી ક્યાં મોઢે તમારી પાસે મત માંગવા આવે છે પૂછો એમને.' તેમણે કહ્યું કે, 'આ નર્મદા અમારા કચ્છ-કાઠિયાવાડના લોકોને પીવાના પાણી માટે એક જ સાધન હતું, એ નર્મદાનું પાણી ત્રણ-ત્રણ દાયકા સુધી રોકી રાખ્યું. કોર્ટ-કચેરીમાં ઢસેડી ગયા, મુસીબતો ઉભી કરી અને પાણી ન પહોંચે એટલા માટે આંદોલનો કર્યા. ગુજરાતને એટલી હદે બદનામ કરી નાખ્યું કે દુનિયાભરમાંથી ગુજરાતને કોઈ પૈસા ન આપે. વર્લ્ડ બેંક ગુજરાતને પૈસા ન આપે એટલી હદે ગુજરાતને બદનામ કરી નાખ્યું.'

પીએમ મોદીએ કહ્યું કે, 'એક બહેન કે જેઓ આ આંદોલન ચલાવી રહ્યા હતા, તેમના ખભે હાથ મુકીને કોંગ્રેસના એક નેતા પદયાત્રા કરી રહ્યા હતા. જ્યારે કોંગ્રેસ મત માંગવા આવે ત્યારે તેમને પૂછજો તમને ક્યાં મોઢે અમારી પાસે મત માંગવા આવ્યો છો? તમે લોકો નર્મદાને અટકાવાનારા લોકોના ખભે હાથ મુકીને પદયાત્રાઓ કાઢી રહ્યા છો, તમે આવનારા દિવસોમાં ગુજરાતને કેટલું બરબાદ કરવાના છો તેનું આ ઉદાહરણ છે. આવા લોકોને પૂછજો ક્યાં મોઢે મત માગો છો.'

# અમારા વચનો જ લોકોને આકર્ષે છે, જીત બાદ વચનો પૂર્ણ કરવાના નિર્ણયો થશે : અશોક ગહલોત

અમદાવાદ,

ગુજરાત વિધાનસભાની ચૂંટણી પૂર્વે ભાજપ, કોંગ્રેસ અને આમ આદમી પાર્ટીના નેતાઓ ચૂંટણી સભાઓ ગજવી રહ્યા છે. ત્યારે પ્રદેશ કોંગ્રેસના મુખ્ય નિરીક્ષક અને રાજસ્થાનના મુખ્યમંત્રી અશોક ગેહલોત અમદાવાદ આવી પહોંચ્યા છે. પ્રદેશ કોંગ્રેસના મુખ્ય નિરીક્ષક અશોક ગેહલોતનું એક નિવેદન હાલ ચારેબાજુ ચર્ચાનું વિષય બન્યું છે. તેઓએ કહ્યું કે હાર્દિક અને અલ્પેશ સામે હોવાથી કોઈ ફર્ક નથી પડતો. આ વખતની ચૂંટણીના પરિણામો ચોંકાવનારા હશે તેવો દાવો કર્યો હતો.

રાજસ્થાનના મુખ્યમંત્રી અશોક ગેહલોતે જણાવ્યું હતું કે, અમારા વચનો જ લોકોને આકર્ષે છે. જીત બાદ વચનો પૂર્ણ કરવાના નિર્ણયો થશે. ભારત જોડો યાત્રાથી



રાહુલ ગાંધીએ સંદેશ આપ્યો છે. રોજગારી, મોંઘવારી જ અમારો મુદ્દો રહેશે. ભાજપને હાર દેખાય છે એટલે ડરી ગઈ છે. હાર્દિક અને અલ્પેશ સામે હોવાથી કોઈ ફર્ક પડતો નથી.

અશોક ગહેલોતે જણાવ્યું હતું કે, અમારા વચનો જ એવા હોય છે કે લોકોને આકર્ષે છે. કોંગ્રેસ કહે છે તે પુરા કરે છે. કોંગ્રેસની કથની અને કરણીમાં અંતર નથી. ચુંટણી જીત્યા બાદ આ વચનોને આધાર બનાવી નિર્ણય કરવામાં આવશે. રાજસ્થાનમાં અમે લાગુ કર્યુ છે. પહેલાં મેનીફેસ્ટો અંગે કોઈ વાત નહોતી કરતું અમે લાગુ કર્યો. રાજસ્થાનની પ્રક્રિયા પણ ગુજરાતમાં લાગુ પડશે.

અશોક ગહેલોતે વધુમાં જણાવ્યું કે, લોન દરેક રાજ્ય અને કેન્દ્ર લેતા હોય છે. લોન લેવી ખોટું નથી. લોન કંઈ યોજના અને કામ માટે લેવી તેની પ્રક્રિયા હોય છે. અમે જે વાયદા કર્યા તે ફાયનાન્સીયલ મેનેજન્ટનો એક ભાગ. બજેટ અને રેવન્યુ પર કોંગ્રેસનો સારો અનુભવ છે. હાલ રાજ્યમાં બિન જરૂરી વિવાદ પેદા થઈ રહ્યા છે. દેશની સંપતિ પર દરેક દેશવાસીઓનો અધિકાર છે. બધાનો એક જ સંદેશ છે, સાથે મળીને દેશ ચલાવો. રાહુલ ગાંધીની યાત્રા એક પ્રમાણ છે. બેરોજગારી ઘટે, મોંઘવારી ઘટે, દેશમાં હિંસા ના રહે, વગેરે જેવા આગળ પણ અમારો આ મુદ્દો રહેશે.

અશોક ગહેલોતે જણાવ્યું કે, ભાજપા ગભરાયેલી છે એટલે ચુંટણી હારે છે. ભાજપાના નેતાઓ પણ માને છે કે મોંધાવરી ભયંકર છે. આ યાત્રા કોંગ્રેસના બેનર હેઠળ નથી, જે કોઈને જવું હોય એ જઈ શકે છે. ભાજપાના નેતાઓ પણ સમર્થન માટે યાત્રામાં જોડાઈ શકે છે. દેશની સામે રહેલી સમસ્યાઓ સામે યાત્રા છે. ભાજપ માત્ર ભ્રમ પેદા કરવા માંગે છે. એઆઈસીસી ચુંટણી મુદ્દે ગંભીર બાબત છે. રાહુલ ગાંધી ગત ચુટંણીમાં પોતે હાજર રહ્યા હતા હવે યાત્રા થકી સંદેશ આપે છે. અશોક ગહેલોતે છેલ્લે જણાવ્યું હતું કે, હાર્દિક અને અલ્પેશ સામે હોવાથી કોઈ ફર્ક નથી પડતો આ વખતના પરિણામો ચોકાવનારા હશે.

# નેપાળ સુરક્ષા વ્યવસ્થા વચ્ચે મતદાન : નેપાળમાં હવે કાયમી સરકાર બનશે?

કાઠમાંડૂ,

નવી સંસદ અને પ્રાંતીય એસેમ્બલીના સભ્યોને ચૂંટવા માટે કડક સુરક્ષા વ્યવસ્થા વચ્ચે રવિવારે સવારે નેપાળમાં મતદાન થયું. નેપાળના મતદારો રાજકીય અસ્થિરતાનો અંત લાવવાની આશામાં મતદાન કરી રહ્યા છે જેણે દેશને એક દાયકાથી વધુ સમયથી પીડિત કર્યો છે અને વિકાસને અવરોધે છે. દેશભરના ૨૨,૦૦૦ થી વધુ મતદાન મથકો પર સ્થાનિક સમય મુજબ સવારે ૭ વાગ્યે મતદાન શરૂ થયું, જે સાંજે ૫ વાગ્યા સુધી ચાલુ રહ્યું હતું મતદાન પૂર્ણ થયા બાદ તરત જ મતગણતરી શરૂ થયું હતું પરંતુ અંતિમ પરિણામો આવવામાં એક સપ્તાહનો સમય લાગી શકે છે. નેપાળમાં સંઘીય સંસદની ૨૭૫ બેઠકો અને સાત પ્રાંતીય વિધાનસભાની ૫૫૦ બેઠકો માટે ચૂંટણી યોજાઈ છે. નેપાળના સાત પ્રાંતોમાં ૧.૭૯ કરોડથી વધુ લોકો મતદાન કરવા પાત્ર હતાં ફેડરલ પાર્લામેન્ટના કુલ ૨૭૫ સભ્યોમાંથી ૧૬૫ સીધા મતદાન દ્વારા ચૂંટાશે, જ્યારે બાકીના ૧૧૦ પ્રમાણસર ચૂંટણી પ્રણાલી દ્વારા ચૂંટાશે.

તેવી જ રીતે, પ્રાંતીય એસેમ્બલીઓના કુલ ૫૫૦ સભ્યોમાંથી, ૩૩૦ સીધા ચૂંટવામાં આવશે, જ્યારે ૨૨૦ પ્રમાણસર સિસ્ટમ દ્વારા ચૂંટવામાં આવશે. ચૂંટણીને નજીકથી જોઈ રહેલા રાજકીય નિરીક્ષકોએ ત્રિશંકુ સંસદ અને સરકારની રચનાની આગાહી કરી છે જે નેપાળમાં જરૂરી રાજકીય સ્થિરતા પ્રદાન કરી શકશે નહીં. નેપાળમાં લગભગ એક દાયકાના માઓવાદી વિદ્રોહના અંતથી સંસદ રાજકીય રીતે અસ્થિર છે અને ૨૦૦૬માં ગૃહયુદ્ધના અંત પછી કોઈ પણ વડાપ્રધાને સંપૂર્ણ કાર્યકાળ પૂર્ણ કર્યો નથી.

નેતૃત્વમાં વારંવાર ફેરફાર અને રાજકીય પક્ષો વચ્ચેની લડાઈને દેશના ધીમા આર્થિક વિકાસનું કારણ કહેવાય છે. ચૂંટણી મેદાનમાં બે મુખ્ય રાજકીય જોડાણો છે – શાસક નેપાળી કોંગ્રેસની આગેવાની હેઠળનું લોકશાહી અને ડાબેરી જોડાણ અને CPN-UML (નેપાળની સામ્યવાદી પાર્ટી-યુનિફાઈડ માર્ક્સવાદી-લેનિનિસ્ટ) ની આગેવાની હેઠળનું ડાબેરી, હિન્દુ અને રાજાશાહી તરફી જોડાણ.

આગામી સરકારને સ્થિર રાજકીય વહીવટ જાળવવા, પ્રવાસન ઉદ્યોગને પુનર્જીવિત કરવા અને તેના પાડોશી દેશો ચીન અને ભારત સાથેના સંબંધોને સંતુલિત કરવા જેવા પડકારોનો સામનો કરવો પડશે. નેપાળના ચૂંટણી પંચે તમામ ૭૭ જિલ્લામાં ચૂંટણી યોજવા માટે ૨,૭૬,૦૦૦ કર્મચારીઓને તૈનાત કર્યા હતાં શાંતિપૂર્ણ મતદાન માટે લગભગ ત્રણ લાખ સુરક્ષાકર્મીઓ તૈનાત કરવામાં આવ્યા હતાં. સંઘીય સંસદ માટે ચૂંટણી લડી રહેલા કુલ ૨,૪૧૨ ઉમેદવારોમાંથી ૮૬૭ અપક્ષ છે.

# ઈસરોએ નવો રેકોર્ડ બનાવ્યો, મિશન 'ગગનયાન' માટે પેરાશૂટનું સફળ પરીક્ષણ થયું

ઝાંસી,

ઈન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઈઝેશન (ઈસરો) એ ભારતના પ્રથમ 'મેડ ઈન ઈન્ડિયા' રોકેટના પ્રક્ષેપણ બાદ વધુ એક સફળતા હાંસલ કરી છે. એજન્સીએ વધુ એક સફળ પરીક્ષણ હાથ ધર્યું છે, જે દેશના ડ્રીમ પ્રોજેક્ટ, ગગનયાન પ્રોજેક્ટને સાકાર કરવા માટે એક મહત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ હોવાનું કહેવાય છે. માનવ અવકાશ ઉડાન ક્ષમતા દર્શાવવા માટે ઈસરો દ્વારા આ પ્રથમ પ્રોજેક્ટ છે. ઈસરોના વિક્રમ સારાભાઈ સ્પેસ સેન્ટરે ઉત્તર પ્રદેશના ઝાંસી જિલ્લામાં બબીના ફીલ્ડ ફાયર રેન્જ ખાતે ઈન્ટીગ્રેટેડ મેઈન પેરાશૂટ એરડ્રોપ ટેસ્ટનું આયોજન કર્યું છે.

ઈસરોએ કહ્યુ કે આઈએમએટી દેશની મહત્વકાંક્ષી ગગનયાન પરિયોજનાને સાકાર કરવાની દિશમાં એક મહત્વપૂર્ણ ઉપલબ્ધિ છે. અંતરિક્ષ એજન્સીએ કહ્યું કે ગગનયાનની ગતિ ઓછી કરવાની પ્રણાલીમાં ત્રણ મુખ્ય પેરાશૂટનો સમાવેશ થાય છે, જે પ્રમાણમાં નાના એસીએસ, પાઈલોટ અને ડ્રોગ પેરાશૂટ સિવાય છે, જેથી લેન્ડિંગ દરમિયાન ક્રૂ મોડ્યુલની ઝડપને સુરક્ષિત સ્તરે ઘટાડી શકાય.

ઈસરોએ કહ્યું કે ત્રણ મુખ્ય પેરાશૂટમાંથી બે અવકાશયાત્રીઓને લેન્ડ કરવા માટે પૂરતા છે, પરંતુ એક પેરાશૂટ વધારાનું છે. ઈસરોએ વધુમાં જણાવ્યું હતું કે મુખ્ય પેરાશૂટ ન ખુલે તેવી પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને આવું કરવામાં આવ્યું છે. આ પરીક્ષણમાં ક્રૂ મોડ્યુલ માસની સમકક્ષ પાંચ ટનના ડમી દ્રવ્યમાનને ૨.૫ કિમીની ઉંચાઈ પર લઈ જવામાં આવ્યો હતો અને ભારતીય વાયુસેનાના આઈએલ-૭૬ એરક્રાફ્ટનો ઉપયોગ કરીને છોડવામાં આવ્યો હતો.

પ્રારંભિક આંચકો ઘટાડવા માટે મુખ્ય પેરાશૂટનું કદ શરૂઆતમાં નાના વિસ્તાર સુધી મર્યાદિત હતું ઈસરોએ કહ્યું, 'સંપૂર્ણપણે તૈનાત મુખ્ય પેરાશૂટે પેલોડની ઝડપને સુરક્ષિત લેન્ડિંગ સ્પીડમાં ઘટાડી દીધી. આ સમગ્ર ક્રમ લગભગ ૨-૩ મિનિટ સુધી ચાલ્યો. પેરાશુટ ધીમેથી જમીન પર આવ્યુ અને વૈજ્ઞાનિકોમાં ખુશીની લહેર છવાઈ ગઈ.

# ચૂંટાયેલા ધારાસભ્ય બાદ હવે ઉમેદવારોને પણ બચાવવા રિસોર્ટ પોલિટિક્સ

સુરત,

ગુજરાત વિધાનસભાની ચૂંટણીને લઈ તમામ પક્ષોએ ૧૮૨ બેઠકો પર ઉમેદવારોને ટિકિટ આપી દીધી છે, જોકે હજુ પણ કેટલાક પક્ષોમાં ખરા સમયે ઉમેદવારો ફોર્મ પરત ખેંચવાનો ભય સેવી રહ્યા છે, ત્યારે આમ આદમી પાર્ટીમાં પણ કંઈક આવું જોવા મળી રહ્યું છે. આમ આદમી પાર્ટીના હાથમાંથી સૂરત પૂર્વ બેઠક નિકળી ગયા બાદ આપ એક્શનમાં આવી ગયું છે. તાજેતરમાં જ સૂરત પૂર્વની બેઠકના આપના ઉમેદવાર કંચન જરીવાલાએ ફોર્મ પાછું ખેંચી લીધું હતુ. આ ઘટના ફરી ન બને તે માટે આપ દ્વારા રિસોર્ટ પોલિટિક્સ શરૂ થઈ ગયું છે. કોઈ ઉમેદવાર સ્વૈચ્છાએ અથવા કોઈની ધાક-ધમકીથી ફોર્મ પરત ન ખેંચે તે માટે આપ ૧૬ બેઠકો પરના ઉમેદવારોને સોમનાથ લઈ ગઈ છે. આ તમામ ઉમેદવારો છેલ્લા બે દિવસથી સૌરાષ્ટ્રમાં છે. જ્યાં સુધી ફોર્મ પરત ખેંચવાની પ્રક્રિયા પૂર્ણ ન થાય ત્યાં સુધી આ ૧૬ બેઠકો પરના ઉમેદવાર સૌરાષ્ટ્રમાં જ રહેશે. ઉલ્લેખનિય છે કે, સોમવારે બપોરે ત્રણ વાગે ફોર્મ ખેંચવાની પ્રક્રિયા પૂર્ણ થશે, ત્યારે આ તમામ ઉમેદવારો સોમવાર બપોર ત્રણ વાગ્યા સુધી સૌરાષ્ટ્રમાં જ ધામા નાખશે.

# ભાજપ સામે અપક્ષ ઉમેદવારી કરનારા ૭ કાર્યકરો સસ્પેન્ડ

અમદાવાદ,

ગુજરાત વિધાન સભાની ચૂંટણી આડે ગણતરીના દિવસો બાકી રહ્યા છે. દરેક પાર્ટીએ પોતાના ઉમેદવારોના નામ જાહેર કરી દીધા છે. ત્યારે આ દરમિયાન ટિકિટ ન મળતા કેટલાક ઉમેદવારોની નારાજગી અને વિરોધ પણ સામે આવ્યો હતો. ત્યારે ભાજપ અધ્યક્ષે ભાજપ સામે અપક્ષ ઉમેદવારી કરનારા ભાજપના ૭ કાર્યકરોને સસ્પેન્ડ કર્યા છે. ભાજપમાંથી રાજીનામું આપ્યા વગર ઉમેદવારી કરનારા ૭ કાર્યકરોને સસ્પેન્ડ કર્યા છે. પ્રથમ તબક્કાની ચૂંટણીમાં પાર્ટીએ જાહેર કરેલા ઉમેદવારો સામે ૭ કાર્યકરોએ અપક્ષ ઉમેદવારી નોંધાવી હતી તેથી પ્રદેશ અધ્યક્ષ સીઆર પાટિલની સૂચનાથી આ ૭ કાર્યકરોને પાર્ટીમાંથી સસ્પેન્ડ કરી દેવામાં આવ્યા છે. ભાજપે જે ૭ કાર્યકરોને સસ્પેન્ડ કર્યા છે તેમાં ૧. હર્ષદ વસાવા,, ૨. અરવિંદ લાડાણી, ૩. છત્રસિંહ ગુંજારિયા, ૪. કેતન પટેલ, ૫. ભરત ચાવડા,, ૬. ઉદય શાહ, ૭. કરણ બારૈયાનો સમાવેશ થાય છે.

# વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સોમનાથ મહાદેવના ચરણોમાં શીશ ઝૂકાવી પૂજા અર્ચના કરી



સોમનાથ,

વડાપ્રધાન નરેન્દ્ર મોદી સોમનાથ મંદિર ખાતે પહોંચ્યા હતા. તેમજ જળાભિષેક કરીને પૂજા અર્ચના પણ કરી હતી. તે અગાઉ તેમણે સોમનાથ મંદિરના પરિસરમાં ઉભેલા પ્રવાસીઓનું હાથ હલાવીને અભિવાદન કર્યું હતું. તો લોકોએ પણ પ્રધાનમંત્રી મોદીને હૂંફાળો આવકાર આપ્યો હતો. પ્રધાનમંત્રી મોદી હેલિકોપ્ટર દ્વારા હવાઈ માર્ગે સોમનાથ પહોંચ્યા હતા અને પ્રધાનમંત્રી મોદી અને ભુપેન્દ્ર પટેલ સોમનાથ મંદિરમાં દર્શન અને પૂજા કરી હતી. તેઓને સોમનાથ ખાતે ૫૦ બ્રાહ્મણો અને ૩૦ ઋષિકુમારો પ્રધાનમંત્રી મોદીને પૂજા કરાવી હતી. સોમનાથ પરિસરમાં ઉભેલા યાત્રાળુઓએ વડાપ્રધાનને જોઈને મોદી મોદીના નારા પણ લગાવ્યા હતા.

આ દરમિયાન વડાપ્રધન નરેન્દ્ર મોદીએ ટ્વીટર પર ભૂતકાળમાં કરેલા વિકાસકાર્યોની યાદો તાજી કરાવતા ફોટો શેર કર્યા છે. આ ફોટો તેમના 'મોદી આર્કાઈવ' નામના ટ્વીટર એકાઉન્ટ પર શેર કરાયા છે. જેમાં તેમણે વર્ષ ૨૦૧૦ના સોમનાથના ફોટો શેર કર્યા છે. આ ફોટો એ સમયના છે જ્યારે સોમનાથમાં સંસ્કૃત ભાષાને પ્રોત્સાહન આપવા માટે સંસ્કૃત મહાકુંભનું આયોજન કરાયું હતું. આ પહેલા વર્ષ ૨૦૦૭માં તેમણે સંસ્કૃત યુનિવર્સિટીનું લોકાર્પણ કર્યું હતું. તે ત્યારબાદ વર્ષ ૨૦૦૯માં જ્યારે તેઓ સીએમ હતા ત્યારે તેમણે અમરેલીમાં જૂનાગઢ કૃષિ યુનિવર્સિટીનું ઉદ્ઘાટન કર્યું હતું. અને ખેડૂતો માટે કૃષિ મેળો પણ યોજ્યો હતો. આ પહેલા વર્ષ ૨૦૦૩માં તેમણે અમરેલીમાં કિસાન સંમેલન યોજ્યું હતું. તેના પણ ફોટો ટ્વીટર પર શેર કરવામાં આવ્યા છે.

# મુસેવાલાની હત્યામાં સામેલ મોસ્ટ વોન્ટેડ આતંકવાદી હરવિન્દર રિંડાનું મોત, ડ્રગ્સના ઓવરડોઝથી પાકિસ્તાનની હોસ્પિટલમાં દમ તોડ્યો

ચંદીગઢ,

પાકિસ્તાનમાં શરણ લેનાર મોસ્ટ વોન્ટેડ આતંકવાદી હરવિંદર સિંહ રિંડાનું શુક્રવારે ડ્રગના ઓવરડોઝને કારણે મોત થયું હતું. રિંડાને લાહોરની હોસ્પિટલમાં ખસેડાયો હતો, પરંતુ તેની હાલત વધુ બગડતાં તેને લશ્કરી હોસ્પિટલમાં રીફર કરવામાં આવ્યો હતો. અહીં પણ ડોકટરો તેનો જીવ બચાવી શક્યા ન હતા અને તેનું મોત નીપજ્યું હતું. છેલ્લા ઘણા દિવસોથી રિંડાએ પંજાબ સરકારને મુશ્કેલીમાં મૂકી હતી. રિંડા પંજાબમાં ટાર્ગેટ કિલિંગ અને આતંકના અનેક કેસમાં વોન્ટેડ હતો. પોલીસ અધિકારીઓનું કહેવું છે કે, હરવિન્દર રિંડા એક ગેંગસ્ટર હતો, પરંતુ તેણે તાજેતરમાં જ પાકિસ્તાનમા આઈએસઆઈ દ્વારા આશ્રય આપનાર અન્ય મોસ્ટ વોન્ટેડ આતંકવાદી વધાવા સિંઘ સાથે હાથ મિલાવ્યા હતા. રિંડા બબ્બર ખાલસા ચીફ વધવા સિંહનો જમણો હાથ બની ગયો હતો અને પાકિસ્તાનની જાસૂસી સંસ્થા આઈએસઆઈ પણ રિંડાને તેમની સાથે જોડી દીધી હતી. રિંડા દ્વારા આઈએસઆઈએ ડ્રોનની મદદથી પંજાબમાં હથિયારોની સપ્લાય શરૂ કરી હતી. આ સાથે રિંડાએ ગેંગસ્ટર રહીને પંજાબમાં પોતાનું નેટવર્ક સ્થાપ્યું હતું. તેણે નાના ગુનેગારોને આતંકવાદી પ્રવૃત્તિઓ માટે તૈયાર કરવાનું શરૂ કર્યું હતું. મોહાલીમાં પંજાબ પોલીસના ઈન્ટેલિજન્સ હેડક્વાર્ટરની ઈમારત પર આરપીજી હુમલો આ એપિસોડનો એક ભાગ હતો. પંજાબી ગાયક સિદ્ધુ મુસેવાલાની હત્યા ઉપરાંત, હરવિન્દર રિંડા ગેંગસ્ટર લોરેન્સ બિશ્નોઈ સહિત તમામ ગુનેગારો પાછળ મુખ્ય કાવતરાખોર તરીકે ઉભરી આવ્યો છે, જેમનું નામ અન્ય ઘણી જઘન્ય ઘટનાઓમાં છે.

# બાલાસીનોર નવગામના રેશનકાર્ડ ધારકોને બે માસથી અનાજનો જથ્થો ન મળતા ચુંટણી ટાણે ધારકો એ હોબાળો કરતા તંત્ર દ્વિધામાં



લુણાવાડા, મહિસાગર જીલ્લાની બાલાસીનોરના નવગામના ગરીબ રેશનકાર્ડ ધારકોને બે મહિનાથી સરકારી અનાજનો જથ્થો મળ્યો ન હોય આ બાબતે મહિલા સરપંચ દ્વારા તાલુકા મામલતદારને રજુઆત સાથે ગરીબોના હકકનું પગ કરી ગયેલ અનાજના જથ્થાની તપાસ કરે તેવી માંગ કરાઈ છે.

વિધાનસભાની ચુંટણી માટે મતદારોને રીઝવવા માટે નેતાઓ સભાઓ ગજવી રહ્યા છે અને કોરોનાકાળ થી અત્યાર સુધી ગરીબ લોકોને મફત અનાજ આપવાની વાતો મોટેથી કરી રહ્યા છે. તેવા સમયે મહિસાગર જીલ્લાના બાલાસીનોર તાલુકાના નવાગામના ગરીબ અને જરૂરીયાતમંદ રેશનકાર્ડ ધારકોને રેશનકાર્ડમાં સરકારી અનાજનો જથ્થો મળ્યો નથી. નવાગામ પંચાયતના મહિલા સરપંચ દ્વારા ઓકટોમ્બર મહિનામાં જીલ્લા પુરવઠા અધિકારી અને મામલતદારને ગરીબ કલ્યાણ અન્ન યોજના કાર્ડધારકોને મળ્યો નથી. સાથે આઈ.પી.ડી.એસ. કુપન ફિંગર પ્રિન્ટ લીધા બાદ ગ્રાહકોને આપવામાં આવતી નથી અને સરકારી સસ્તા અનાજનો જથ્થો કાર્ડધારકોને મળવાના સ્થાને બારોબાર સગેવગે કરી દેવામાં આવતાં હોવાની રજુઆત થતાં બાલાસીનોર મામલતદાર કચેરી દ્વારા નવાગામની ગરીબ અને જરૂરીયાતમંદ લોકોને સરકારી અનાજનો જથ્થો ન મળવા અંગેની રજુઆત બાદ તપાસ નહિ કરી ગરીબોને અનાજથી વંચિત રાખતા સંચાલક સામે બાયો ચડાવતા ચુંટણી સમયે સામે આવેલ અનાજ સગેવગે કરવાના મામલે રાજકારણ ગરમાવ્યું છે.

# જિલ્લામાં ૧૫૧૦ મતદાન મથકો પર ચૂંટણી પ્રક્રિયા યોજાશે : ૨૦ ટકા સ્ટાફ રિઝર્વ

દાહોદ, ગુજરાત વિધાનસભાની સામાન્ય ચૂંટણી તા. ૧ અને ૫ ડીસે એમ બે તબ્બકામાં યોજાવાની જાહેરાત તા.૩ નવેના રોજ કરી હતી. ચૂંટણી જાહેર થતા આદર્શ આચારસંહિતાનો અમલ પણ શરૂ થઇ ગયો હતો. ચૂંટણી અધિકારીની અધ્યક્ષતામાં ચૂંટણી પ્રક્રિયાની કામગીરી શરૂ કરવી દેવાઈ હતી. પંચમહાલ જિલ્લાની ૫ વિધાનસભા બેઠકો પર તા.૫ ડીસેના રોજ મતદાન યોજાશે. પંચમહાલમાં ૨૦૧૭ની મતદાર યાદી કરતાં ૨૦૨૨ની મતદાર યાદીમાં ૧.૩૯ લાખ નવા મતદારો ઉમેરાયા છે અને નવી મતદાર યાદી મુજબ પંચમહાલ જિલ્લામાં પુરૂષ મતદારો ૬,૬૪,૭૬૬, સ્ત્રી મતદારો ૬,૩૪,૩૯૦ તથા થર્ડ જેન્ડર ૨૦ મળી કુલ ૧૨૯૯૧૭૬ મતદારો નોધાયેલા છે. અને જિલ્લાની ૫ વિધાનસભા બેઠકોના ૧૫૧૦ મતદાન મથકો પર ચૂંટણી પ્રક્રિયા યોજાશે. જેમા વિધાનસભા મુજબ શહેરા ૨૯૩, મોરવા(હ) ૨૫૫, ગોધરા ૨૯૯, કાલોલ ૩૧૬ તથા હાલોલ ૩૪૭ મતદાન મથકો તૈયાર કર શે. આ ચૂંટણીમાં એક મતદાન મથક પર ૨ પુરૂષ, ૨ મહિલા અને ૧ પટાવાળો મળી કુલ ૫ કર્મીને ચૂંટણી પ્રક્રિયાની ફરજ નિભાવશે. જેના માટે તંત્ર દ્વારા ૩૬૨૬ પુરૂષ કર્મચારી, ૩૬૨૬ મહિલા કર્મચારી તથા ૧૮૧૪ પટાવાળા મળી કુલ ૯૦૬૬ કર્મચારી સાથે ૧૨૦ % સ્ટાફની નિમણુક કરવામાં આવી છે. જેમા ૨૦ % રિઝર્વ સ્ટાફ રહેશે. જિલ્લાના તમામ મતદાન મથકો પર અખત્રઃ લઘુત્તમ સુવિધાઓની ફેસીલીટી ઉપલબ્ધ કરાશે. વિધાનસભા મત વિભાગ દીઠ ૭ એમ કુલ ૩૫ મતદાન મથકો સખી મતદાન મથકો તૈયાર કરવામાં આવશે. જે સંપૂર્ણપણે મહિલાઓ દ્વારા સંચાલિત કરવામાં આવશે.

વિધાનસભા મત વિભાગ દીઠ ૧ એમ કુલ ૫ મતદાન મથકો દિવ્યાંગ કર્મચારીઓ દ્વારા સંચાલિત કરવામાં આવશે. વિધાનસભા મત વિભાગ દીઠ ૧ એમ કુલ ૫ આદર્શ મતદાન મથક તૈયાર કરવામાં આવશે. જિલ્લામાં એક યુથ મતદાન મથક તૈયાર કરવામાં આવશે.

# દાહોદ રેલ્વે સ્ટેશન ખાતે મુસાફર પાસેથી ૧૦.૮૪ લાખ રૂપીયા ભરેલ બેગ લઈ ચોર ઈસમો ફરાર

દાહોદ, દાહોદ રેલ્વે સ્ટેશન ખાતેથી એક મુસાફર પાસેથી અજાણ્યા ચોર ઈસમોએ મુસાફરના બેગમાં મુકી રાખેલ રોકડા રૂપીયા ૧૦,૮૪,૩૪૧ ભરેલી બેગ ચોરી કરી લઈ નાસી જતાં દાહોદ રેલ્વે સ્ટેશન વિસ્તારમાં ખળભળાટ સાથે ચકચાર મચી જવા પામ્યો હતો.

રાજસ્થાનના કરોલી જિલ્લાના રહેવાસી દીકરાર અહેમદ કુરેશી રાજસ્થાનમાં બકરા લે-વેચનો ધંધો કરે છે. તેઓ ગત તારીખ ૧૮.૦૯.૨૦૨૨ રાજસ્થાનના કરોલીથી બકરાઓનું વેચાણ કરવા ભરેલી ગાડી લઈને રોડ માર્ગે મુંબઈ પહોંચ્યા હતા. જયાંથી તેઓ વકરાના ૧૦ લાખ રૂપિયા બેગમાં ભરી મુંબઈથી પરત તારીખ ૨૧.૯.૨૨ના રોજ બોરીવલીથી ટ્રેન નંબર ૧૨૯૦૩ ગોલ્ડન ટેમ્પલ મેલ એક્સપ્રેસ ટ્રેનના કોચ નંબર એસ/૫ શીટ એક્સપ્રેસ ટ્રેનના કોચ નંબર એસ/૫ શીટ નંબર ૯-૧૦-૧૨-૧૩- અને ૧૪મા રિઝર્વેશન કરાવેલું હતું. ત્યારે ઈકરાર અહેમદ કુરેશી અને પોતાની સાથેના ચાર માણસો પણ સુઈ ગયા હતા તેવા સમયે ઈકરાર કુરેશીના પોતાના માથા નીચે રૂપિયા ૧૦,૮૪,૩૪૧ ભરેલી બેગ મુકી સુઈ ગયા હતા ત્યારે મહારાષ્ટ્ર બોરીવલી અને દાહોદ રેલ્વે સ્ટેશન વચ્ચેથી કોઈ અજાણ્યા ચોર ઈસમોએ ૧૦,૮૪,૩૪૧ રૂપિયાની રોકડ રકમ ભરેલી બેગ એક મોબાઈલ જેની કિંમત રૂપિયા ૫,૦૦૦ આધારકાર્ડ, ચાર્જર, કપડા મળી કુલ ૧૦,૮૯,૩૪૧ રૂપિયાના મુદ્દામાલની ઉઠાંતરી કરી ફરાર થતા રાજસ્થાનના કરોલી ગામે રહેતા ઈકરાર અહેમદ કુરેશી એ દાહોદ રેલવે પોલીસ મથક ખાતે તારીખ ૧૮.૧૧.૨૨ના રોજ બપોરના ૧:૦૦ વાગીને ૩૦ મિનીટના સમયે ફરીયાદ નોંધાવતા રેલવે પોલીસે અજાણ્યા ઈસમ વિરૂધ્ધ ફરીયાદ નોંધી આગળની વધુ કાર્યવાહી હાથ ધરી છે.

# રામ મંદિરના ૫૦૦ વર્ષના ઈતિહાસ પર બનશે ફિલ્મ, અમિતાભ બચ્ચને નિઃશુલ્ક પોતાનો અવાજ આપશે

નવી દિલ્હી, અયોધ્યામાં વર્ષ ૨૦૨૩ સુધી રામ મંદિર બનીને તૈયાર થઈ જશે. આ દરમિયાન હવે રામ મંદિરના ઈતિહાસમાં તેને લઈને કરવામાં આવેલા સંઘર્ષોને બતાવવા માટે એક ફિલ્મ બનાવવાનું એલાન કરવામાં આવ્યુ છે. દૂરદર્શન પર આ ફિલ્મને બતાવવામાં આવશે. ખાસ વાત એ છે કે ફિલ્મમાં મહાનાયક અમિતાભ બચ્ચન પોતાનો અવાજ આપવાના છે. તેને લઈને રામ મંદિર નિર્માણ સમિતિની બે દિવસ દરમિયાન થયેલી બેઠકમાં આ ચર્ચા કરવામાં આવી છે.

રામ મંદિરના ૫૦૦ વર્ષના ઈતિહાસમાં લોકો સુધી પહોંચાડવાની સ્ટોરી લખવાની જવાબદારી પ્રખ્યાત લેખક અને ફિલ્મ સેન્સર બોર્ડના અધ્યક્ષ પ્રસૂનને આપવામાં આવી છે. તેની સાથે ૬ સભ્યોની એક ટીમ પણ કામ કરી રહી છે. મંદિર નિર્માણ સમિતિ અને શ્રીરામજન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટે આ ફિલ્મ બનાવવાને લઈને પોતાની મંજૂરી આપી દીધી છે. આ ફિલ્મમાં અમિતાભ બચ્ચન પોતાનો અવાજ આપશે. જોકે, પ્રસૂન જોશી અને અમિતાભ બચ્ચન ફિલ્મ માટે કોઈ ફી નથી લેવાના.

ઈન્દિરા ગાંધી રાષ્ટ્રીય કલા કેન્દ્રના સેક્રેટરી સચ્ચિદાનંદ જોશી આ ફિલ્મ દરમિયાન કોઓર્ડિશનનું કામ કરશે. ચાણક્યનું નિર્માણ કરનારા ચંદ્ર પ્કાશ દ્વિવેદી અને અયોધ્યા રાજ પરિવારના પ્રખ્યાત સાહિત્યકાર યતીંદ્ર મિશ્રા પણ ફિલ્મ બનાવવામાં મદદ કરશે.

શ્રીરામજન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટના મહાસચિવ ચંપચ રાયે દૈનિક ભાસ્કર સાથે વાત કરતા કહ્યુ હતું કે, રામ મંદિર આંદોલનને લઈને બનાવવામાં આવી રહેલી આ ફિલ્મમાં મંદિરના ૫૦૦ વર્ષના ઈતિહાસને જોવામાં આવશે. તેમાં મંદિર નિર્માણને પણ બતાવવામાં આવશે. તેમણે જણાવ્યુ કે મંદિર નિર્માણની દરેક પ્રકારે વીડિયોગ્રાફી કરવામાં આવી રહી છે.તેમનું કહેવું છે કે આ ફિલ્મ દ્વારા મંદિર નિર્માણના ઈતિહાસને નવયુવા સુધી પહોંચાડવામાં આવશે.

# મીડિયા મોનીટરીંગ રૂમની મુલાકાત લેતા સંયુક્ત માહિતી નિયામક રાજેન્દ્ર રાઠોડ



દાહોદ, જિલ્લા સેવા સદન, દાહોદ ખાતેના મીડિયા મોનીટરીંગ એન્ડ કન્ટ્રોલ રૂમની વડોદરા ઝોનના સંયુક્ત માહિતી નિયામક રાજેન્દ્ર રાઠોડે મુલાકાત લીધી હતી. તેમણે અહીં કરાયેલ જિલ્લાની ચૂંટણીલક્ષી માહિતીના પ્રદર્શનનું પણ નિરીક્ષણ કર્યું હતું. અહીં કાર્યરત કર્મયોગીઓને તેમની જવાબદારીઓ વિશે પૃચ્છા કરી હતી તેમજ આ અંગેના રજીસ્ટરોની ચકાસણી કરી હતી. સંયુક્ત માહિતી નિયામકએ નાયબ માહિતી નિયામક એસ.જે. બળેવીયાને જરૂરી સૂચનો કર્યા હતા.

નાયબ માહિતી નિયામક બળેવીયાએ મીડિયા મોનિટરિંગ રૂમ વિશે માહિતી આપતા જણાવ્યું કે, ઈલેક્ટ્રોનિક મીડિયા મોનિટરિંગ રૂમ રાઉન્ડ ધ ક્લોક કામગીરી કરી રહ્યો છે અને ૧૮ જેટલા કર્મચારીઓ સતત ન્યુઝ ચેનલો ઉપર આવી રહેલા સમાચારો ઉપર ચાંપતી નજર રાખી રહ્યાં છે. જિલ્લામાં આચારસંહિતાનો ભંગ ન થાય તે સુનિશ્ચિત કરવા તેમજ પેઈડ ન્યુઝ પર ચાંપતી નજર રાખવા રાઉન્ડ ધ ક્લોક કામગીરી કરાઈ રહી છે. ઉમેદવારો દ્વારા આપવામાં આવતાં પેઈડ ન્યૂઝ-જાહેરાતો જેવી બાબતો ઉપર સતત ધ્યાન રાખી તેનું નિરીક્ષણ-નિયંત્રણ સહિતની કામગીરી સુચારૂ રીતે કરવામાં આવી રહ્યું હોવાનું તેમણે જણાવ્યું હતું.

આ વેળા માહિતી મદદનીશ એમ.જી. પરમાર સહિતના કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# લુણાવાડા અને બાલાસિનોર ખાતે જનરલ ઓબ્ઝર્વરએ સ્ટ્રોંગરૂમની મુલાકાત લઈ નિરીક્ષણ કર્યુ



તસ્વીર : ધ્રુવ દરજી, લુણાવાડા

લુણાવાડા, ગુજરાત વિધાનસભા સામાન્ય ચૂંટણી ૨૦૨૨ માટે મહીસાગર જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા એક્શન મોડમાં કામગીરી થઈ રહી છે. આદર્શ આચારસંહિતાના પાલન માટે કેન્દ્રીય ચૂંટણી પંચ દ્વારા નિયુક્ત થયેલા જનરલ ઓબ્ઝર્વરએ દ્વારા ચૂંટણી સંબંધિત કામગીરી ઉપર દેખરેખ રાખવામાં આવી રહી છે. ત્યારે આજરોજ જનરલ ઓબ્ઝર્વરએ લુણાવાડા અને બાલાસિનોર ખાતેના સ્ટ્રોંગરૂમની મુલાકાત લઈ નિરીક્ષણ કર્યુ.

આ તકે જનરલ ઓબ્ઝર્વરએ સ્ટ્રોંગ રૂમનું જાત નિરીક્ષણ કર્યું હતું. તેમજ જિલ્લા ચૂંટણી અધિકારી અને અન્ય અધિકારીઓએ સુરક્ષા સંબંધે થયેલી કામગીરી અંગે જાણકારી પુરી પાડી હતી.

આ મુલાકાતમાં જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર ભાવીન પંડયા, પોલીસ વડા આર.પી.બારોટ, નાયબ ચૂંટણી અધિકારી કુંજલ શાહ, પ્રાંત અધિકારીઓ સહિતના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# સંતરામપુર તાલુકામાં ફરજ બજાવી ચૂકેલા આરએફઓની અનોખી પહેલ



સંતરામપુર, સંતરામપુર તાલુકાના પૂર્વ વિભાગમાં સોની જીગ્નેશકુમાર પોતાની લગ્નની કંકોત્રીનું ઘર બનાવી અને પર્યાવરણ બચાવો વૃક્ષ વાવો જાગૃતિ માટે લગ્નની કંકોત્રી ચકલી ઘર બનાવીને સૂત્ર લખવામાં આવેલા હતા. જેથી કરીને લગ્ન કંકોત્રી ઘર માટે પણ ઉપયોગ કરી શકાય અને તેના લખેલા સૂત્રથી લોકોમાં જાગૃતિ આવી શકે છે. વન વિભાગમાં ફરજ બજાવતા આરોપો આ રીતે કંકોત્રી છાપીને અનોખી પહેલ જોવા મળી હતી. આશરે બે થી ત્રણ હજાર જેટલી કંકોત્રીઓ ચકલી ઘરનો સ્વરૂપ આપીને વહેચણી કરેલી હતી. જેથી કરીને લોકો તેને સમજી શકે પર્યાવરણ બચાવો વૃક્ષ વાવો દરેકના ઘરે વૃક્ષનું રોકાણ કરો વિવિધ સૂત્ર મૂકીને લોકોમાં જાગૃતિ લાવવાનો પ્રયાસો કરવાનો એક પહેલ બતાવેલી હતી.

# દાહોદના ખંગેલા ચેકપોસ્ટ ઉપર ફોર વ્હીકલમાં લઈ જવાતા ૨.૪૨ લાખના દારૂ સાથે બે ઈસમ ઝડપ્યા

દાહોદ, દાહોદ તાલુકાના ખંગેલા ચોકપોસ્ટ પરથી કતવારા પોલીસે નાકાબંધી દરમ્યાન એક ફોર વ્હીલર ગાડીમાંથી રૂા.૨,૪૨,૪૦૦ના વિદેશી દારૂના જથ્થા સાથે ગાડીની કિંમત મળી કુલ રૂા.૫,૪૩,૪૦૦ના મુદ્દામાલ સાથે ગાડીના ચાલક સહિત બેની અટકાયત કરી હોવાનું જ્યારે આ વિદેશી દારૂની ગાડીની અન્ય એક વાહન સાથે પાયલોટીંગ કરી રહેલ અન્ય એક ઈસમ ગાડી લઈ ફરાર થઈ ગયો હોવાનું જાણવા મળે છે.

ગત તા.૧૯મી નવેમ્બરના રોજ કતવારા પોલીસને મળેલ બાતમીના આધારે ખંગેલા ચેકપોસ્ટ પર નાકાબંધી કરી આવતાં જતાં તમામ નાના મોટા વાહનોની તલાસી હાથ ધરી રહી હતી. તે સમયે બાતમીમાં દર્શાવેલ એક ફોર વ્હીલર ગાડી ત્યાંથી પસાર થતાં પોલીસ સાબદી બની હતી અને ગાડી નજીક આવતાંની સાથે તેને ચારેય તરફથી ઘેરી લઈ ગાડીમાં સવાર ચાલક વિનય રાજેન્દર દાણેક અને તેની સાથેનો સુરેન્દ્ર રાજરૂપ વાલમીકી (બંન્ને. રહે. હરિયાણા) નાની પાલીસે અટકાયત કરી ફોર વ્હીલર ગાડીની પોલીસે તલાસી લેતાં તેમાંથી વિદેશી દારૂની કુલ બોટલો નંગ. ૫૮૮ કિંમત રૂા.૨,૪૨,૪૦૦નો પ્રોહી જથ્થો, મોબાઈલ ફોન તેમજ ગાડીની કિંમત મળી કુલ રૂા.૫,૪૩,૪૦૦ નો મુદ્દામાલ પોલીસે કબજે કર્યો હતો. પોલીસો ઉપરોક્ત ઝડપાયેલ બંન્ને ઈસમોની પુછપરછ કરતાં જાણવા મળ્યું હતું કે, હિતેશ ઠાકુર (રહે. હરિયાણા) નો તેના કબજાની અન્ય એક ગાડીમાં બેસી પાયલોટીંગ કરી રહ્યો હતો.

આ સંબંધે કતવારા પોલીસે ઉપરોક્ત ત્રણેય ઈસમો વિરૂધ્ધ પ્રોહીનો ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ખેડા : મોડીરાત્રે કન્ટેનર અને બાઈક વચ્ચે ગમખ્વાર અકસ્માત, ૩ યુવાનોના મોત

ખેડા, શનિવારે મોડીરાત્રે ખેડા રોડ પર ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. કન્ટેનર અને બાઈક પર થયેલા સર્જાયેલા ગંભીર અકસ્માતમાં ત્રણ યુવકોના ઘટના સ્થળે જ મોત નિપજ્યા હતા. અકસ્માતમાં મૃત્યુ પામનારા યુવકો ટીનએઝર્સ હોવાનું સામે આવી રહ્યું છે, ત્યારે ઘટના સ્થળે દોડી આવેલી પોલીસે અકસ્માતને લઈને વધુ તપાસ હાથ ધરી છે. મોડીરાત્રે ખેડામાં કન્ટેનર અને બાઈક વચ્ચે અકસ્માત સર્જાયો હતો. મોડીરાત્રે કઠલાલના ભનેર પાસે અકસ્માતની ઘટના બની હતી. કન્ટેનર અને મોટરસાયકલ વચ્ચે સર્જાયેલા અકસ્માતમાં ત્રણ યુવાનોના ઘટના સ્થળે મોત નિપજ્યા હતા. ત્રણેય મૃતક યુવાનો કઠલાલ તાલુકાના લાડવેલના વતની હોવાનું જાણવા મળી રહ્યું છે. અકસ્માતમાં અશ્વિનભાઈ દશરથભાઈ પરમાર (ઉંમર વર્ષ ૧૮), કિશનસિંહ રાભાભાઈ રાઠોડ (ઉંમર વર્ષ ૧૯), કિશનભાઈ વિક્રમભાઈ ચાવડા (ઉંમર વર્ષ ૧૪)નું મોત નિપજ્યું હતું. મળતી માહિતી પ્રમાણે, બાઈક કન્ટેનર સાથે ધડાકાભેર ભટકાઈ હતી.

# સંતરામપુર તાલુકા હેલ્થ ઓફિસર અને ટીમ દ્વારા ડેન્ગ્યુ, તાવ અંગે જાગૃતિ માટે સુચનો કર્યા



સંતરામપુર, સંતરામપુર તાલુકાના તાલુકા હેલ્થ ઓફિસર ડોક્ટર વિજયના નેતૃત્વ હેઠળના આરોગ્ય કર્મચારી MPHW ભાઈઓ દ્વારા સંતરામપુર નગરમાં ઘરે ઘરે ડેન્ગ્યુ તાવની જગૃતા લાવવા આરોગ્ય સેવા આપેલ છે. ડેન્ગ્યુ, તાવ, ઈજિપ્ત માદા મચ્છર કરડવાથી થઈ છે. તે શુદ્ધ પાણીમાં ઈંડા મુકે છે. એક સમય માં ૧૫૦ ઈંડા મુકી શકે છે. તેમાં બે દિવસે પોરા બને પછી ૫ દિવસે કાળા રંગના ટપકા જેવું બને પછી ૩ દિવસે તેમાંથી ફરી મચ્છર બનીને ઉડી જાઈ છે. ડેન્ગ્યુના ૪ વાઈરસ છે. તે માનવીના લોહીના સફેદ કણ ખાઈ છે અને માનવી ડેન્ગ્યુના લક્ષણ જોવાઈ છે. શરીરના સાંધા દુઃખાવા, આખો ઉડી થવી, ઉલ્ટી, તાવ, શરીરે લાલ ફોલ્લી થવી, WBCમાં વધ ઘટ થવી તેવા લક્ષણજોવા મળે છે. મચ્છર થી બચવા, ૫ થી ૭ સાંજના સમય લીમડાના પાનનો ધુમાડો કરવો, વાપરવાના પાણીને ઢાંકીને રાખવા તેવી સલાહ સૂચન આપી. સંતરામપુર આરોગ્ય કાર્ય કરેલ હતું.

# સંતરામપુર તાલુકાના દોડી ગામે પોલીસ વિભાગ દ્વારા ચેક પોસ્ટ ઉભી કરી સગન પેટ્રોલિંગ હાથ ધરવામાં આવ્યો




સંતરામપુર, સંતરામપુર ૧૨૩ વિધાનસભાની ચૂંટણી અનુલક્ષી પોલીસ વિભાગ દ્વારા સંતરામપુર તાલુકાના દોડી ગામે સંતરામપુર થી દોડી અને લીમડી શણગાર ગાડીયા આશરે ૧૫ થી ૨૦ જેટલા ગામો આંતરિયા વિસ્તારના જયાં ગેરકાયદેસર રીતે દારૂની હેરાફેરી થર્ટી અટકી શકે અને સઘન પેટ્રોલિંગ કરવામાં આવી રહ્યું હતું. પસાર થતા તમામ વાહનોને પોલીસ દ્વારા ચેકિંગ કરવામાં આવી રહ્યું હતું. સંતરામપુર તાલુકાની દોડી ગામે ચેક પોસ્ટ ઉભી કરીને ગુનેગારી પ્રવૃત્તિ પણ અટકાવી શકાય. આ રીતે સંતરામપુર પોલીસ વિભાગ દ્વારા વિધાનસભાની ચૂંટણી જાહેર થતાં જ કડક વાહનોનું ચેકિંગ હાથ ધરવામાં આવી રહ્યું છે.

# આપની આજ.......

મેષ : જો તમે રોજગારમાં ફેરફારની યોજના બનાવી રહ્યા છો તો આ માટે સમય અનુકૂળ છે, તમે પ્રયત્ન કરી શકો છો. તમને ઘણી તકો મળશે. વેપારમાં આંશિક નાણાકીય લાભની શક્યતા છે.

વૃષભ : નાણાકીય બાબતોમાં પણ આજનો તમારો દિવસ એકંદરે સારો રહી શકે છે. જો તમે આજે કોઈને આપેલા પૈસા પાછા લેવાનો પ્રયાસ કરો છો તો આજે આપેલા પૈસા પરત મળવાની વધુ સારી તક છે.

મિથુન : તમે આજે અચાનક કોઈ પ્રિય વ્યક્તિને મળી શકો છો. તમે આજે મિત્રો અથવા સંબંધીઓની પણ મદદ કરી શકો છો. તમે જીવનના કેટલાક ક્ષેત્રોમાં મુશ્કેલીઓનો સામનો કરી શકો છો અને નબળા તેમજ એકલતાનો અનુભવ કરશો નહીં.

કર્ક : આજે તમને કાર્યક્ષેત્રમાં થોડો વધારે કામનો બોજ આવી શકે છે. જો તમે નોકરીમાં છો તો તમને કોઈ નવું કામ સોંપવામાં આવી શકે છે. પરિવારમાં તમારી જવાબદારીઓ પણ વધી શકે છે.

સિંહ : જો તમે નવી નોકરી શોધી રહ્યા છો અથવા નવો વ્યવસાય શરૂ કરવા માગો છો તો તમારી આસપાસના લોકોની મદદ લો. જીવનસાથીની લાગણીઓને સમજો અને તે જ રીતે કાર્ય કરો.

કન્યા : આજનો દિવસ મિશ્ર ફળદાયી છે. પરિવારમાં કોઈપણ સભ્ય સાથે વાદ-વિવાદની સ્થિતિ ઊભી થઈ શકે છે, જેના કારણે વાતાવરણ તંગ રહેશે. વધારે પડતા આત્મવિશ્વાસને કારણે વિદ્યાર્થીઓને નુકસાનનો સામનો કરવો પડી શકે છે.

તુલા : ઉત્સાહમાં હોશ ગુમાવવાની પરિસ્થિતિ ટાળો. કોઈ બાબત વિશે તરત જ પ્રતિક્રિયા આપવાને બદલે વિચાર કર્યા પછી ગંભીર નિર્ણય લો અને તે તમારા માટે સારું છે, નહીં તો નુકસાન થઈ શકે છે.

વૃશ્ચિક : આજે તમારે તમારું કામ પૂરું કરવામાં થોડી ઉતાવળ કરવી જોઈએ અન્યથા તમામ મહત્વપૂર્ણ કામ વધુ વિલંબનો શિકાર બની શકે છે. કામનું દબાણ અને ઘરની સમસ્યાઓ માનસિક તણાવનું કારણ બની શકે છે.

ધન : ઓફિસમાં તમારી આસપાસના વાતાવરણ પર નજર રાખો અને તમારું કામ યોગ્ય રીતે કરો નહીં તો કેટલાક વિરોધી અથવા દુશ્મન તમને નુકસાન પહોંચાડવાનો પ્રયાસ કરી શકે છે.

મકર : લાંબા સમય પછી તમારા દિનચર્યા જીવનમાં પરિવર્તન આવી રહ્યું છે. મિત્રોના સંપર્કથી થોડો સહયોગ મળશે, જે તમારા વ્યવસાય માટે ખૂબ જ ફાયદાકારક રહેશે.

કુંભ : પારિવારિક વાતાવરણમાં શાંતિ રહેશે, જેના કારણે મન પ્રસન્ન રહેશે અને સમૃદ્ધિ આવશે. કામ વચ્ચે આરામ માટે થોડો સમય આપજો, જેથી શારીરિક ઉર્જા રહે. કાર્યક્ષેત્રમાં તમને પાછલા દિવસોની મહેનતનો રંગ મળશે.

મીન : આજનો દિવસ તમારા માટે જૂનો સંકલ્પ પૂરો કરવાનો છે. તમને તમારા માતા-પિતાને ખુશ કરવા મુશ્કેલ લાગશે પરંતુ તેમને સમજવાનો પ્રયત્ન કરો. તમારા સ્વાસ્થ્ય અને તમારા પરિવારનું ધ્યાન રાખો.

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર

પંચમહાલ સમાચાર

# દાહોદ જિલ્લાની છ વિધાનસભા બેઠકોના પ્રચાર માટે વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૨૩મી એ દાહોદની મુલાકાતે


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

**- દાહોદમાં વડાપ્રધાનની જાહેર સભાને લઈ તડામાર તૈયારીઓ શરૂ.**
**- સભા સ્થળ ઉપર પોલીસના ઉચ્ચ અધિકારીઓ સાથે સુરક્ષા વ્યવસ્થા અને બંદોબસ્તની કરી ચર્ચા.**

દાહોદ, ગુજરાત વિધાનસભાની ચૂંટણી હવે નિર્ણાયક તબક્કામાં પહોંચી ગઈ છે. મધ્ય ગુજરાતના આદિવાસી બહુલ જિલ્લામાં બીજા તબક્કામાં પાંચમી ડિસેમ્બરના રોજ યોજાનારા લોકશાહીના પર્વનો મતદાન યોજવાનું છે. ત્યારે દાહોદ જિલ્લામાં સમાવિષ્ટ કુલ છ વિધાનસભા બેઠકો પર રાજકીય પક્ષોના જાહેર કરાયેલા ઉમેદવારો દ્વારા ફોર્મ ચકાસણી અને હવે સોમવારે ફોર્મ ખેંચવાની છેલ્લી તારીખ હોય સોમવારે બપોર પછી ચૂંટણી અંગેનું ચિત્ર સ્પષ્ટ થઈ જશે. ત્યારબાદ આગામી પ્રચાર પડઘમ શાંત થવા સુધી રાજકીય પક્ષોના સ્ટાર પ્રચારકો તેમજ રાજ નેતાઓ મતદારોને રીઝવવા માટે જાહેર સભા કરવાના છે. દાહોદ વિધાનસભાની છ બેઠકો પર ચૂંટણી પ્રચાર માટે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી દાહોદની મુલાકાતે આવવાના છે. વડાપ્રધાન મોદી ભારતીય જનતા પાર્ટીના જાહેર કરાયેલા દાહોદ જિલ્લાની છ વિધાનસભા બેઠકો પર ઉમેદવારો તેમજ આસપાસના પંચમહાલ મહીસાગર છોટાઉદેપુર જિલ્લાની વિધાનસભા બેઠકો પર ઉભા રહેલા ઉમેદવારોને જીતાડવા માટે મતદારોને જનસભા મારફતે અપીલ કરશે.

દાહોદ જિલ્લાની કુલ છ વિધાનસભા બેઠકો પૈકી વર્તમાનમાં ત્રણ બેઠકો ભાજપ તેમાં ત્રણ બેઠકો કોંગ્રેસ પાસે છે. જોકે વિધાનસભા ચૂંટણી ૨૦૨૨ માં છેલ્લા પાંચ વર્ષ દરમિયાન બદલાયેલા સમીકરણો તેમજ રાજ્યમાં થયેલા આંદોલનો તેમજ કર્મચારીઓમાં નારાજગીને ડેમેજ કંટ્રોલ કરવા વડાપ્રધાન નરેન્દ્ર મોદી ગુજરાતની સત્તા અને કાયમ રાખવા તેમજ આ વખતે ત્રીજા મોરચા તરીકે આમ આદમી પાર્ટીએ મોંઘવારી ડામવા, સરકારી કર્મચારીઓને કાયમી કરવા, ગેરેન્ટી કાર્ડ સહિતની વિવિધ યોજનાઓનો લાભ આપી સરકાર બનાવવા માટે અપીલ કરી છે ત્યારે કોંગ્રેસ તેમજ આમ આદમી પાર્ટીને કાઉન્ટર કરવા માટે ભર શિયાળે પરસેવો પાડવાના છે. આદિવાસી બાહુલ્ય ધરાવતા દાહોદ જિલ્લામાં કુલ છ સમાવિષ્ટ બેઠકો પર વડાપ્રધાન નરેન્દ્ર મોદી અગામી ૨૩મી નવેમ્બરના રોજ બપોરના ત્રણ વાગ્યે દાહોદ તાલુકાના ડોકી ખાતે જનસભા વિધાનસભાને સંબોધવાના છે. વડાપ્રધાન મોદી દાહોદ જિલ્લાની કુલ છ વિધાનસભા બેઠકોના ઉમેદવારો તરફથી મતદાન કરી ભારે જિંદગી બહુમતી જીતાડવા માટે અપીલ કરવાના છે.જેની અસર પંચમહાલ મહીસાગર તેમજ છોટાઉદેપુર જિલ્લાની વિધાનસભા સીટો પર પર પડશે. અત્રે ઉલ્લેખની છે કે, રાજ્યમાં ૧૫ ટકા વસ્તી ધરાવતા તેમજ ૨૭ બેઠકો પર પ્રભુત્વ ધરાવતા આદિવાસી સમાજ ગુજરાત વિધાનસભાની કુલ ૪૨ સીટો પર નિર્ણાયક ભૂમિકા ભજવે છે. તેને ધ્યાને લઈ વડાપ્રધાન મોદી અગામી ૨૩ મીના રોજ આદિવાસી બાહુલય ધરાવતા દાહોદ જિલ્લામાં જનસભાને સંબોધશે. વડાપ્રધાન મોદીની સુરક્ષા તેમજ પ્રોટોકોલ ને ધ્યાને લઈ દાહોદ જિલ્લાનું પોલીસ તંત્ર તેમજ દાહોદ જિલ્લા ભાજપા વડાપ્રધાન મોદીના આગમન ની તૈયારીઓમાં પૂરજોશથી જોતરાઈ ગયું છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના આગમન ટાણે રેન્જ આઈ.જી જિલ્લા પોલીસવડા બલરામ મીણા, ફતા જગદીશ બાંગરવા, એસઓજી પીઆઈ રાજેશ કાનમિયાં, એલસીબી તેમજ દાહોદ પોલીસની સાથે દાહોદ જિલ્લા ભાજપના શીર્ષ નેતૃત્વના નેતાઓ સંગઠનના હોદ્દેદારો દ્વારા આજે સભાસ્થળે પહોંચ્યાં હતા. અને ત્યાં જનસભાની તૈયારીઓની કામગીરીની સમીક્ષા કરી હતી.

## ઝાલોદ વિધાનસભા બેઠક પર કોંગ્રેસમાં હાઈ વોલ્ટેજ ડ્રામાનો અંત : ડો.મિતેશ ગરાસીયાએ બાગીઓને મનાવી ડેમેજ કંટ્રોલ કરવામાં સફળતા સાંપડી



દાહોદ, દાહોદ જિલ્લામાં સમાવિષ્ટ ઝાલોદ વિધાનસભા બેઠક પર કોંગ્રેસના ઉમેદવારની જાહેરાત સાથે કોંગ્રેસમાં ભડકો થયો હતો. જે બાદ વિધાનસભા બેઠક પર દાવેદારી નોંધાવનાર કોંગ્રેસના સંગઠનના હોદ્દેદારોએ ઉમેદવાર બદલવાની માંગ સાથે વિરોધ કર્યો હતો. તેમજ સામૂહિક રાજીનામાં તેમજ અપક્ષ માં દાવેદારી કરવાની ચીમકી પણ ઉચ્ચારી હતી.તેમજ તાલુકા કોંગ્રેસ પ્રમુખે અપક્ષમાં દાવેદારી પણ નોંધાવી હતી. પરંતુ રાજકારણમાં કશું અશક્ય હોતું નથી. તેમજ ઘડીએ ઘડીએ સમીકરણો બદલાતા હોય તેમ ઝાલોદ વિધાનસભા બેઠક પર થયેલો હાઈ વોલ્ટેજ ડ્રામા આજે અંત આવ્યો છે.કોંગ્રેસ દ્વારા જાહેર કરાયેલા ઉમેદવારના વિરોધમાં નારાજ થયેલા તમામ હોદ્દેદારોને ઉમેદવાર દ્વારા મનાવી લેતા ઘીના ઠામમાં ઘી ઢોળાયો હોય તેમ ચાલો વિધાનસભા બેઠક પર કોંગ્રેસના તમામ હોદ્દેદારો હવે જાહેર કરાયેલા ઉમેદવારના સમર્થનમાં આવી જતા વિધાનસભા બેઠક પર કોંગ્રેસ દ્વારા ડેમેજ કંટ્રોલ કરવામાં સફળતા સાંપડી છે.

ગુજરાત વિધાનસભાની ચૂંટણીનો જંગ હવે નિર્ણાયક તબક્કામાં પહોંચી રહ્યો છે. ચૂંટણી પંચ દ્વારા આજે ઉમેદવારના ફોર્મ ચકાસણીની અંતિમ તારીખ હોય આજે વધારાના ડમી ફોર્મ તેમજ મેન્ટેડ વગરના ફોર્મ રિજેક્ટ થતા હવે રાજકીય પક્ષો તેમજ અપક્ષના ઉમેદવારો ના ફોર્મ એક્સેપ્ટ થયા છે. જોકે, હાલ ફોર્મ ખેંચવાના બે દિવસ બાકી છે. તારા આગામી બે દિવસ બાદ દાહોદ જિલ્લામાં ચૂંટણીનું ચિત્ર સ્પષ્ટ થઈ જશે. આ તમામ બાબતોની વચ્ચે દાહોદ જિલ્લાની હોટ સીટ તેમજ રાજકારણમાં લીટમેસ ટેસ્ટ ગણાતી ઝાલોદ વિધાનસભા બેઠક પર દર વખતે હાઈ પ્રોફાઈલ તેમજ ખરાખરીનો જંગ જામતો હોય છે. એવું જ કંઈક ચિત્ર આ વખતે પણ સર્જાયો હતો. ઝાલોદ વિધાનસભા બેઠક પર કોંગ્રેસ દ્વારા ડોક્ટર મિતેશ ગરાસિયા ને ટિકિટ ફાળવતા ઝાલોદ કોંગ્રેસ સમિતિમાં ભડકો થયો હતો. હવે ત્યારબાદ શરૂ થયો હતો હાઈ વોલ્ટેજ ડ્રામા. કોંગ્રેસ દ્વારા જાહેર કરાયેલા ડોક્ટર મિતેશ ગરાસિયાના વિરોધમાં કોંગ્રેસ તાલુકા પ્રમુખ મુકેશ ડાંગી, યુથ નેતા સંજય નીનામા તેમજ સંગઠનના હોદ્દેદારો સહિત ૨૧ જણાએ ટિકિટની માંગણી કરી હતી.પરંતુ ડોક્ટર મિતેશ ગરાસીયા ને ઉમેદવાર જાહેર કરતા ઉપરોક્ત તમામ સંગઠનના હોદ્દેદારોએ ભારે નારાજગી સાથે દાહોદ કોંગ્રેસ મુખ્યાલય ખાતે જિલ્લા પ્રમુખ તેમજ મોવડી મંડળ મોટી સંખ્યામાં પહોંચી ઉમેદવાર બદલવાની ઉગ્ર માંગણી કરી હતી.જો ઉમેદવાર નહીં બદલાય તો સામૂહિક રાજીનામાં તેમજ અપક્ષમાં દાવેદારી કરવાની પણ બાગીઓએ તૈયારી બતાવી હતી. પરંતુ રાજકારણમાં કશું અશક્ય હોતું નથી. રિસામણા મનામણાની વચ્ચે સમીકરણો ક્યારે બદલાય છે. તે પણ કશું કહેવાતું નથી તેમ ઝાલોદ વિધાનસભા બેઠકના ઉમેદવાર મિતેશ ગરાસીયા તેમજ કોંગ્રેસના મોવડીમંડળ દ્વારા નારાજ થયેલા સંગઠનના હોદ્દેદારો તેમજ કાર્યકર્તાઓને મનાવવામાં સફળતા સાંપડી હતી. જેમ ઘીના ઠામમાં ઘી ઢોળાયો હોય તેમ બધા ભેગા થતા ઝાલોદ વિધાનસભા બેઠક પર કોંગ્રેસમાં અંદરો અંદર શરૂ થયેલો હાઈ વોલ્ટેજ ડ્રામાનો પણ આજે અંત આવ્યો છે. કોંગ્રેસનો પરંપરાગત ગઢ ગણાતી આ બેઠક પર છેલ્લે ભાવેશ કટારા ધારાસભ્ય હતા, પરંતુ તેઓએ રાજીનામું આપી કેસરિયો ધારણ કરતા સમીકરણો ઘણા બધા બદલાયા છે. જોકે, આ તમામની વચ્ચે આ વખતે આમ આદમી પાર્ટી પણ ઝાલોદ વિધાનસભા બેઠક પર ઉમેદવારી કરી છે. જેને જોતા જિલ્લાની હોટ સીટ તેમજ હાઈ પ્રોફાઈલ ગણાતી આ બેઠક પર ખરાખરીનો રસપ્રદ જામશે એ હાલના તબક્કે જોવાઈ રહ્યું છે.

## દાહોદ જીલ્લામાં ચાર અલગ અલગ અકસ્માતના બનાવમાં એક વ્યકિતનું મોત

દાહોદ, દાહોદ જિલ્લામાં ચાર જુદી જુદી જગ્યાએ વાહન ચાલકોની ગફલતના કારણે સર્જાયેલ માર્ગ અકસ્માતના બનાવોમાં એક વ્યક્તિનું મોત નીપજ્યાંનું જ્યારે પાંચ વ્યક્તિઓને ઈજાઓ થતાં નજીકના દવાખાને સારવાર અર્થે ખસેડવામાં આવ્યાં હોવાનું જાણવા મળે છે.

માર્ગ અકસ્માતનો પ્રથમ બનાવ ઝાલોદમાંથી પસાર થતાં સંતરામપુર રોડ ખાતે ગત તા.૧૯મી નવેમ્બરના રોજ બનવા પામ્યો હતો. જેમાં ઝાલોદ તાલુકાના રળીયાતી ભુરા ગામે રહેતો વિજયભાઈ માનસીંગભાઈ મકવાણા અને તેની સાથે સુખદેવભાઈ અમિરચંદભાઈ ડામોર એમ બંન્ને જણા એક મોટરસાઈકલ પર સવાર થી ઝાલોદમાંથી પસાર થતાં સંતરામપુર રોડ ખાતેથી પસાર થઈ રહ્યાં હતા. ત્યારે વિજયભાઈએ પોતાના કબજાની મોટરસાઈકલ પુરઝડપે અને ગફલત ભરી રીતે હંકારી લાવી નજીકમાં આવેલ પીલ્લર સાથે ધડાકાભેર મોટરસાઈકલ અથડાવતાં બંન્ને જણા મોટરસાઈકલ પરથી ફંગોળાઈ જમીન પર પટકાયાં હતા. જેને પગલે પાછળ બેઠેલ સુખદેવભાઈને શરીરે, હાથે પગે તેમજ માથાના ભાગે ગંભીર જીવલેણ ઈજાઓ પહોંચડતાં તેમનું મોત નીપજ્યું હતું. જ્યારે વિજયભાઈને શરીરે ઈજાઓ પહોંચતાં તેમને નજીકના દવાખાને સારવાર અર્થે ખસેડવામાં આવ્યાં હતાં. આ સંબંધે ઝાલોદ તાલુકાના જાફરપુરા ગામે પીપળી ફળિયામાં રહેતાં નંદુભાઈ અમિરચંદભાઈ ડામોરે ઝાલોદ પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

માર્ગ અકસ્માતનો બીજો બનાવ દાહોદ તાલુકાના બોરડી ઈનામી ગામે બનવા પામ્યો હતો. જેમાં ગત તા.૧૨મી નવેમ્બરના રોજ એક મોટરસાઈકલના ચાલકે પોતાના કબજાની મોટરસાઈકલ પુરઝડપે અને ગફલત ભરી રીતે હંકારી લાવી તે સમયે સામેથી મોટરસાઈકલ લઈ આવી રહેલ હિતેશભાઈ ઉદેસિંગ વાકળા (રહે. મોટી સારસી, હનુમાન ફળિયું, તા. જિ.દાહોદ) નાની મોટરસાઈકલ સાથે અથડાવતાં હિતેશભાઈને શરીરે, હાથે પગે તેમજ માથાના ભાગે ઈજાઓ પહોંચી હતી. આ સંબંધે ઈજાગ્રસ્ત હિતેશભાઈ ઉદેસિંગ વાકળા દ્વારા કતવારા પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

માર્ગ અકસ્માતનો ત્રીજો બનાવ દેવગઢ બારીઆ તાલુકાના પીપલોદ ગામે બનવા પામ્યો હતો. જેમાં ગત તા.૧૮મી નવેમ્બરના રોજ એક ફોર વ્હીલર ગાડીના ચાલકે પોતાના કબજાની ફોર વ્હીલર પુરઝડપે અને ગફલત ભરી રીતે હંકારી લાવી પીપલોદ ગામે ટાંડી ફળિયા, ગોધરા રોડ ખાતે રહેતાં હિરેનકુમાર ગણેશભાઈને અડફેટમાં લેતાં હિરેનભાઈને શરીરે, હાથે પગે તેમજ માથાના ભાગે ઈજાઓ પહોંચતાં તેઓને સારવાર અર્થે નજીકના દવાખાને ખસેડવામાં આવ્યાં હતાં. આ સંબંધે પીપલોદ ગામે ટાંડી ફળિયા, ગોધરા રોડ ખાતે રહેતાં છત્રસીંગભાઈ સોનાભાઈ પટેલે પીપલોદ પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

માર્ગ અકસ્માતનો ચોથો બનાવ લીમખેડા તાલુકાના જેતપુર (દુ) ગામે બનવા પામ્યો હતો જેમાં ગત તા.૨૯મી ઓકટોમ્બરના રોજ એક મોટરસાઈકલના ચાલકે પોતાના કબજાની મોટરસાઈકલ પુરઝડપે અને ગફલત ભરી રીતે હંકારી લાવી સામેથી મોટરસાઈકલ લઈ આવી રહેલ વિરસીંગભાઈ લાલસીંગભાઈ ભુરીયા (રહે.પીપળી, નિશાળ ફળિયું, તા.જિ. દાહોદ) નાને અને તેમની સાથે ધીરૂભાઈ લલુભાઈ મુનીયાનાઓને અડફેટમાં લેતાં બંન્ને જણા મોટરસાઈકલ પરથી ફંગોળાઈ જમીન પર પટકાતાં બંન્ને વ્યક્તિઓને શરીરે હાથે પગે તેમજ માથાના ભાગે ઈજાઓ પહોંચતાં બંન્નેને નજીકના દવાખાને સારવાર અર્થે ખસેડવામાં આવ્યાં હતાં. આ સંબંધે પીપળી ગામે નિશાળ ફળિયામાં રહેતાં સરદારભાઈ વિરસીંગભાઈ ભુરીયાએ લીમખેડા પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## દાહોદ જિલ્લામાંથી બે જુદી જુદી જગ્યાએથી બે સગીરાઓને લગ્નની લાલચે બે યુવકો અપહરણ કરતાં પોલીસ ફરિયાદ

દાહોદ ગત તા.૧૯મી નવેમ્બરના રોજ દાહોદ જિલ્લાના લીમખેડા તાલુકાના હાથીયાવણ ગામે રહેતો શૈલેષભાઈ રામાભાઈ કટારાએ ગરબાડા તાલુકામાં રહેતી એક ૧૬ વર્ષીય સગીરાને પ્રેમના પાઠ ભણાવી લગ્નની લાલચ આપી, પત્નિ તરીકે રાખવા સારૂં અપહરણ કરી લઈ નાસી જતાં આ સંબંધે સગીરાના વાલીવારસ દ્વારા ગરબાડા પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. સગીરાના અપહરણનો બીજો બનાવ દાહોદ જિલ્લાના સંજેલી નગરમાં બનવા પામ્યો હતો. જેમાં ગત તા.૦૮મી નવેમ્બરના રોજ સંજેલી નગરમાં હરીજનવાસમાં રહેતો રોહીતભાઈ મુકેશભાઈ હરીજને સંજેલી તાલુકામાં રહેતી એક ૧૭ વર્ષીય સગીરાને પ્રેમના પાઠ ભણાવી લગ્નની લાલચ આપી, પત્નિ તરીકે રાખવા સારૂં અપહરણ કરી લઈ નાસી જતાં આ સંબંધે સગીરાના પિતા દ્વારા સંજેલી પોલીસ મથકે ફરિયાદ નોંધાંવતાં પોલીસે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.


તસ્વીર : વિપુલ જોષી, ગરબાડા

**મતદાન જાગૃતિ અભિયાન અંતર્ગત ગરબાડા તાલુકા કુમાર અને તાલુકા કન્યા શાળાના શિક્ષકો અને બાળકો દ્વારા નગરમાં પ્રભાતફેરીનું આયોજન કરવામાં આવ્યું હતું.**

## ઓબ્ઝવર્સઓની ઉપસ્થિતિમાં વિધાનસભાની ચૂંટણીની તૈયારીઓ સંદર્ભે નોડલ અધિકારીઓ સાથેની સમીક્ષા બેઠક યોજાઇ



દાહોદ, જિલ્લા સેવા સદન દાહોદ ખાતેના સભાખંડમાં ગત રોજ ઓબ્ઝવર્સઓની ઉપસ્થિતિમાં વિધાનસભાની ચૂંટણીની તૈયારીઓ સંદર્ભે નોડલ અધિકારીઓ સાથેની સમીક્ષા બેઠક યોજાઇ હતી. જિલ્લામાં ચૂંટણી સંદર્ભે કરવામાં આવી રહેલી વિવિધ કામગીરી જિલ્લા ચૂંટણી અધિકારી ડો. હર્ષિત ગોસાવી તેમજ ઉપસ્થિત નોડલ અધિકારીઓએ માહિતી આપી હતી. ઓબ્ઝવર્સઓએ આ અંગે જરૂરી સૂચનો પણ સબંધિત અધિકારીઓને કર્યા હતા. બેઠકમાં જનરલ ઓબ્ઝવર્સ રીષિરેન્દ્ર કુમાર, સચીન્દ્ર પ્રતાપસિંહ, સુનીલ શર્મા તેમજ એક્સપેન્ડીચર ઓબ્ઝવર્સ મૃત્યુજંય સૈની, લવીશ શૈલી અને પોલીસ ઓબ્ઝવર્સ સતીષ કુમાર ઉપસ્થિત રહ્યાં હતા અને નોડલ અધિકારીઓ દ્વારા કરવામાં આવી રહેલી કામગીરીની સમીક્ષા કરી હતી.

બેઠકમાં આચારસંહિતા ભંગ, એક્સપેન્ડીચર મોનિટરિંગ, પેઇડ ન્યુઝ, કર્મચારીઓને તાલીમ, મતદાતા જાગૃકત્તા અંતર્ગત ચાલી રહેલી સ્વીપ સહિતની પ્રવૃતિઓ, ચૂંટણી અંગે વિવિધ તાલુકા સહિત અંતરિયાળ વિસ્તારોમાં કરવામાં આવેલી વ્યવસ્થાઓ, પોસ્ટલ બેલેટ, ટોલ ફ્રી નંબર તેમજ સીવીજીલ ઉપર આવી રહેલી કંમ્પલેન્સ, યુવા અને પ્રથમ વખત મતદાન કરવા માટેનો કરાય રહેલા જાગૃકત્તા કાર્યક્રમો, દિવ્યાંગ વ્યક્તિઓ માટે મતદાન માટેની વિશેષ વ્યવસ્થા સહિત મતદાન મથકો ઉપરની વ્યવસ્થાઓ વિશે વિગતે માહિતી મેળવી હતી.

## દાહોદ રેલ્વે સ્ટેશન પર પેસેન્જર ટ્રેનમાંથી જાનવરોના હાડકા ભરેલા પોટલાઓ મળી આવતા ચકચાર




દાહોદ, દાહોદ રેલવે સ્ટેશને પેસેન્જર ગાડીમાંથી તીવ્ર ગંધ મારતા કહેવાતા જાનવરોના હાડકા જેવા શંકાસ્પદ પોટલાઓ મળી આવતા ચકચાર મચી જવા પામી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર કોટા રતલામ પાર્સલમાં મેઘનગર થી કેટલીક મહિલાઓ શંકાસ્પદ પોટલાઓ મૂકીને ટ્રેનમાં ચડી હતી. આ પોટલાઓમાં જાનવરોના હાડકા હોય તેવી ગંધ મારતી હોવાનું એક જાગૃત નાગરિકને દયાને આવતા તે નાગરિકે આ મામલે દાહોદના ગૌરક્ષકો ની ટીમને જાણ કરી હતી. ત્યારબાદ ગૌરક્ષકોની ટીમે ગુજરાત રેલવે પોલીસની મદદ લઈ કોટા પાર્સલ દાહોદ રેલવે સ્ટેશનએ આવે તે પહેલા જ ગુજરાત રેલવે પોલીસ સતર્કતા પૂર્વક ઉભા થઈ ગયા હતા અને પ્લેટફોર્મ ઉપર ગાડી ઉભી રહેતા ત્યારબાદ કેટલીક મહિલાઓ આ જાનવરોના હાડકાના પોટલાઓ નીચે ઉતારતા પોલીસે તેઓને રંગે હાથે ઝડપી હતી. ત્યારબાદ પોલીસે આ પોટલાઓને કબજે કરી તપાસ હાથ ધરતા આ હાડકાઓ જંગલમાં તેમજ રેલવે લાઈનના આસપાસ મરેલા મૃત્યુ પામેલા જાનવરોના હોવાની પુષ્ટિ થઈ હતી. તે બાદ ગુજરાત રેલવે પોલીસ એ આ મામલે કોઈ ગુનો બનતો ન હોય તમામ મહિલાઓને મુદ્દામાલ સાથે છોડી મૂકી હતી.

## ગરબાડા તાલુકાના છરછોડા ગામે મકાનમાં અકસ્મિક આગ લગતા ઘરવખરી બળીને ખાખ


તસ્વીર : વિપુલ જોષી, ગરબાડા

ગરબાડા, ગરબાડા તાલુકાના છરછોડાગામે પટેલ ફળીયામાં ભાભોર મુકેશભાઈ નબળાભાઈ ના મકાનમાં અચાનક આગ લાગતા ઘરવખરી નો સામાન અનાજ કરિયાણું દસ્તાવેજો ૩૦ હજાર રૂપિયા રોકડા બળી ને ખાખ થઈ ગયા હતા મકાનમાં આગ લાગવાની જાણ થતા આજુબાજુના લોકો દોડી આવ્યા હતા અને પાણીનો મારો ચલાવીને આગ ઉપર કાબુ મેળવવામાં આવ્યો સદનસીબે આગમાં કોઈ જાનહાની થઈ ન હતી. ઘટનાની જાણ થતા સરપંચ અને તલાટીને આવીપહોંચીયા હતા અને પંચ કેસ કરી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

## મહુવા : ૪૪ વર્ષની પરિણીતાની અડધી ઉંમરનાં યુવક સાથે આંખ મળી, જીવન ટૂંકાવ્યુ

ભાવનગર, તાલુકાનાં બારતાડ ગામમાં ૪૦ વર્ષની પરિણીતાએ ૨૦ વર્ષનાં પ્રેમી સાથે ગળેફાંસો ખાઈને જીવન ટૂંકાવી લીધું છે. આ સમાચાર વાયુવેગે પ્રસરતા આખા પંથકમાં ચકચાર મચી જવા પામી છે. આ પ્રેમીપંખીડા છેલ્લા બે વર્ષથી પ્રેમસંબંધમાં હતા તેવી પણ માહિતી સામે આવી રહી છે. આ અંગે મહુવા પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધીને આગળની કાર્યવાહી હાથ ધરી છે. આ અંગે મળતી માહિતીએ, મહુવા તાલુકાના કરચેલીયા ગામમાં કોળીવાડ ફળિયામાં રહેતી ૪૪ વર્ષની પરણીતા લીનાબેન ચંદ્રકાન્તભાઈ પટેલને ફળિયામાં જ રહેતા ૨૦ વર્ષના યુવાન આરતીશભાઈ મોહનભાઈ પટેલ સાથે પ્રેમ સંબંધ બંધાયો હતો. પોતાનાથી અડધી ઉંમરના યુવાન સાથે પરિણીતાને પ્રેમ હોવાની વાતની ચર્ચા આખા વિસ્તારમાં થતી હતી.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 26, No.76

### હાલોલ તાલુકાની સરકારી શાળાના બે શિક્ષકો

## ખાનગી શાળાના મેનેજમેન્ટ સંભાળતા હોય તે અંગે પ્રા.શિક્ષણ અધિકારી અને ટીમ દ્વારા તપાસ અને નિવેદનો બાદ પણ કાર્યવાહીના નામે દેખાડો કરી બચાવવાનો પ્રયાસ

ગોધરા,

હાલોલ નગર ખાતે આવેલ ખાનગી સરસ્વતી સ્કુલમાં મેનેજમેન્ટની કામગીરી કરતાં બે સરકારી પ્રાથમિક શાળાના શિક્ષકો અંગે અવારનવાર શિક્ષણ વિભાગમાં રજુઆત છતાં કાર્યવાહી ન થતાં જીલ્લાના દૈનિક અખબારમાં સરકારી શાળાના શિક્ષકો સરકારના લાખો રૂપીયાનો પગાર લેતા હોવા છતાં સરકારી શાળામાં ફરજ ઉપર ગેરહાજર રહી વધારે નાણાં કમાવવા માટે ખાનગી શાળાનું મેનેજમેન્ટ સંભાળતા હોય તેવા શિક્ષકો માટે રાજ્ય શિક્ષણ વિભાગ અને જીલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી સાથે રાખીને તપાસ હાથ ધરવામાં આવી હતી અને બન્ને શિક્ષકોની સરકારી ફરજવાળી શાળાઓ માંથી નિવેદનો લેવામાં આવ્યા સાથે ખાનગી સરસ્વતી શાળાના ટ્રસ્ટી અને આચાર્યના નિવેદનો લેવામાં આવ્યા સાથે બન્ને શિક્ષકોના પણ નિવેદનો લેવામાં આવ્યા હતા.

હાલોલની સરસ્વતી સ્કુલમાં મેનેજમેન્ટની કામગીરી સંભાળતા શિક્ષકો જે અભેટવા પ્રા.શાળાના ગુણવંતભાઈ પટેલ અને વિઠ્ઠલપુરા પ્રા.શાળાના વિરેન જોષી પોતાની સરકારી ફરજવાળી શિક્ષકની નોકરીના સ્થળે સતત ગેરહાજર રહેતા હોય અને હાલોલની સરસ્વતી સ્કુલના મેનેજમેન્ટની કામગીરી માટે બન્ને શિક્ષકો દ્વારા પોતાની પત્નીઓના નામથી ખાનગી શાળા સાથે પાંચ વર્ષ માટે ૫૦ ટકાના કમિશનની એગ્રીમેન્ટ કર્યું હતું અને પત્નીઓના નામે ખાનગી શાળા સાથે કરેલ મેનેજમેન્ટ સંભાળવાની કામગીરી બન્ને સરકારી શાળાના શિક્ષકો ગુણવંત પટેલ અને વિરેન જોષી સંભાળતા હોય અને પોતાની સરકારી ફરજવાળી શાળાના વિદ્યાર્થીઓના અભ્યાસને અંધકારમાય બનાવી રહ્યા હોય આ બાબતે પંચમહાલ જીલ્લા પ્રા.શિક્ષણાધિકારીને લેખિત રજુઆત છતાં બન્ને શિક્ષકો સામે કાર્યવાહી કરવામાં નહિ આવતાં સરકારી શાળાના બન્ને શિક્ષકો ખાનગી શાળાનું મેનેજમેન્ટ કરતાં હોવાનો અહેવાલ જીલ્લાના દૈનિક અખબારમાં પ્રસિદ્ધ કરવામાં અહેવાલની અસર થતાં ગાંધીનગર પ્રા.શિક્ષણ વિભાગની ટીમ જીલ્લા પ્રા.શિક્ષણાધિકારી સાથે ગુણવંત પટેલની ફરજવાળી અભેટવા પ્રા.શાળાના શિક્ષકોના નિવેદનો, વિરેન જોષીની વિઠ્ઠલપુરા પ્રા.શાળાના શિક્ષકોના નિવેદના લેવામાં આવ્યા સાથે ખાનગી સરસ્વતી સ્કુલના ટ્રસ્ટી અને પ્રિન્સીપાલના નિવેદનો લઈ શિક્ષકો દ્વારા શાળા સાથે કરેલ એગ્રીમેન્ટની કોપીની માંગણી કરાઈ હતી. પરંતુ બન્ને શિક્ષકો દ્વારા પોતાના નિવેદનોમાં પોતે ખાનગી સરસ્વતી સ્કુલમાં જતા ન હોવાનું નિવેદન આપેલ છે અને પોતાની કરતુતોનો લુલો બચાવ કર્યો છે. પરંતુ બન્ને શિક્ષકો તા.૨૯/૧૦/૨૦૨૨ના લાભ પાંચમના રોજ સરસ્વતી શાળાના ટ્રસ્ટીઓ સાથે મળીને બન્ને શિક્ષકો ગુણવંત પટેલ અને વિરેન જોષીએ શાળામાં મેનેજમેન્ટના ધંધાનું મુર્હત કર્યું હતું. તે હજુ તાજો કિસ્સો છે. જો જીલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી આવા શિક્ષકો સામે કાર્યવાહી માંગતા હોય તો શાળા માંથી સીસી ટીવી ફુટેજ મંગાવીને બન્ને શિક્ષકોની શાળા સાથેની સાંઠગાંઠની તપાસ કરી શકે છે. તે કરશે કે પછી બન્ને શિક્ષકોને આડકતરી રીતે બચાવી લેવામાં આવશે...?

## હાલોલ વિધાનસભા બેઠકના આપ પાર્ટીના ઉમેદવાર માટે અરવિંદ કેજરીવાલે રોડ શો કરી મત માંગ્યા

હાલોલ,

હાલોલ વિધાનસભા બેઠક ઉપર આપ પાર્ટીના ઉમેદવારની ચુંટણી પ્રચારમાં આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ અને દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે રેલી યોજી.




હાલોલ વિધાનસભા બેઠકના આમ આદમી પાર્ટીના ઉમેદવાર ભરત રાઠવાના ચુંટણી પ્રચાર માટે આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ અને દિલ્હીના મુખ્યપ્રધાન અરવિંદ કેજરીવાલ હાલોલ ખાતે આવ્યા હતા. કંજરી બાયપાસ રોડ થી બસ સ્ટેશન સુધી કેજરીવાલના રોડ શો યોજવામાં આવ્યો. કેજરીવાલ દ્વારા આપ પાર્ટીના ઉમેદવાર માટે મત માંગ્યા હતા. આપ પાર્ટીના રોડ શો માં મોટી સંખ્યામાં આપ સમર્થકો અને કાર્યકરો ઉમટી પડયા હતા. સાથે આપ પાર્ટીના કેજરીવાલના રોડ શો દરમિયાન મોદી..... મોદીના નારા લાગ્યા હતા. ત્યારે કેજરીવાલે કહ્યું કે મોદીના નારા લગાવે છે. તેને પણ મારી સાથે લઈ આવીશ તેમ કહ્યું હતું.

## કાલોલના ડેરોલ સ્ટેશન ખાતે બીજેપી ઉમેદવારી ચુંટણી જાહેર સભામાં સુમનબેન ચૌહાણે જે લોહીના નથી એ કોઈના નથી થવાના તેવા વ્યંગ થી સ્થાનિક રાજકારણ ગરમાવ્યું

કાલોલ,

કાલોલના ડેરોલ સ્ટેશન ખાતે ભાજપના ઉમેદવાર ફતેસિંહ ચૌહાણની યોજાયેલી ચૂંટણી પ્રચારની જાહેર સભામાં ધારાસભ્ય પદેથી વિદાય લઈ રહેલા સુમન ચૌહાણે ભાજપ વિરૂધ્ધ મોરચો માંડનારાઓ સામે ''જે લોહીના નથી થયા એ કોઈના નથી થવાના'' જેવા વ્યંગ બાણ તાક્યા હતા. પોતાના સસરા અને કોંગ્રેસના ઉમેદવાર પ્રભાતસિંહ ચૌહાણના નામનો ઉલ્લેખ કર્યા વગર સૂચક ઈશારો કરતા કાલોલ બેઠકના ચૂંટણી પ્રચારના જંગમાં આ મુદ્દો ચર્ચાઓની એરણે ચઢ્યો છે.



પ્રભાતસિંહના કોંગ્રેસમાં જવાના કારણે ટિકિટ કપાઈ હોવાની ચર્ચા એમાં રાજકીય ચર્ચાઓ એવી પણ છે કે પંચમહાલ જિલ્લાની પાંચેય વિધાનસભા બેઠકોમાં ભાજપના ધારાસભ્યોને ઉમેદવાર તરીકે રિપિટ કરવાનું નક્કી હતું. પરંતુ કાલોલ ભાજપના ધારાસભ્ય સુમન ચૌહાણના સસરા અને ભાજપના પૂર્વ સાંસદ પ્રભાતસિંહ ચૌહાણ ચૂંટણીઓ જાહેર થાય તે પૂર્વે જ કોંગ્રેસમાં જોડાઈ જતા ધારાસભ્ય સુમન ચૌહાણને પડતા મુકાયા હોવાની વાતે જોર પકડ્યું છે. તો આ લાગણીઓના પગલે પુત્રવધુ સુમન ચૌહાણે પોતાના સસરા પ્રભાતસિંહ ચૌહાણની ઉમેદવારીને નિશાન બનાવીને લોહીના સંબંધો યાદ કરીને વ્યંગબાણ છોડ્યું હોવાનું કહેવાઈ રહ્યું છે. સુમન ચૌહાણના તીખા વેણ કાલોલ વિધાનસભા બેઠક પર ભાજપ અને કોંગ્રેસ વચ્ચે ઝંઝાવાતી પ્રચાર ધમધમી રહ્યો છે. જે મધ્યે સોમવારે ચૌહાણ પરિવારના પુત્રવધુ અને ભાજપ માંથી જેમની ટિકિટ કપાઈ ગઈ છે એ હાલના ધારાસભ્ય સુમન ચૌહાણે પોતાના સસરા વિરૂદ્ધ ''જે લોહીના નથી થયા એ કોઈના નથી થવાના'' જેવા તીખા તેવર અપનાવતા કોંગ્રેસ ખેમામાં હડકંપ મચી ગયો છે. ભાજપના સિટિંગ ધારાસભ્ય સુમન ચૌહાણની ટિકિટ કપાઈ જવા છતાં મન મોટું રાખીને ભાજપના સંગઠન સાથે પ્રચારમાં જોડાયા છે. જ્યારે પત્ની રંગેશ્વરી ભાજપ સાથે જ છે, આથી બંને સાસુ અને પુત્રવધૂએ આ વખતની ચૂંટણીમાં ભાજપના ઉમેદવાર ફતેસિંહ ચૌહાણને જંગી બહુમતીથી જિતાડવા માટે દઢ નિર્ધાર કર્યો હતો.

પુત્રવધૂ સુમન ચૌહાણ ગત ટર્મમાં ભાજપનાં ધારાસભ્ય અત્રે ઉલ્લેખનીય છે કે, કાલોલ વિધાનસભાની બેઠક માટે ભાજપના હાલના ધારાસભ્ય તરીકે સુમન ચૌહાણની ટિકિટ કપાઈ જવાના ગમે તે કારણો પૈકી એક કારણ એવું પણ કહેવાય છે કે, તેમના સસરા પ્રભાતસિંહ ચૌહાણ ટિકિટ ફાળવણી પહેલા જ ભાજપ માંથી પક્ષપલટો કરીને કોંગ્રેસમાં જોડાઈ જતાં પુત્રવધુ સુમન ચૌહાણની ટિકિટ કપાઈ ગઈ હોવાની લોકચર્ચા વહેતી થઈ હતી. જેથી પુત્રવધુનો સસરા વિરૂદ્ધ આક્રોશ ફુટી નીકળ્યો હોવાનું ચર્ચાઈ રહ્યું છે.

## જનરલ ઓબ્ઝર્વર તથા પોલીસ ઓબ્ઝર્વરે પંચમહાલ જિલ્લામાં મતગણતરી કેન્દ્રની મુલાકાત લીધી

ગોધરા,

ભારતના ચૂંટણી પંચ,નવી દિલ્હી દ્વારા વિધાનસભા મતવિસ્તારની સામાન્ય ચૂંટણી-૨૦૨૨ની તા.૦૩.૧૧.૨૦૨૨ના રોજ જાહેરાત કરવામાં આવેલી છે. જે અંતર્ગત પંચમહાલ જિલ્લામાં સમાવિષ્ટ ૧૨૪-શહેરા, ૧૨૫-મોરવા હડફ (અ.જ.જા), ૧૨૬-ગોધરા,૧૨૭-કાલોલ તથા ૧૨૮-હાલોલમાં તા.૦૫.૧૨.૨૦૨૨ના રોજ બીજા તબક્કાનું મતદાન યોજાનાર છે.ગુજરાત વિધાનસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૨ પંચમહાલ જિલ્લામાં સમાવિષ્ટ તમામ વિધાનસભા મતવિસ્તારોમાં



ચૂંટણી પ્રક્રિયા પર દેખરેખ રાખવા હેતુ ભારતના ચૂંટણી પંચ,નવી દિલ્હી દ્વારા ચૂંટણી નિરીક્ષકોની (Observer)ની નિમણૂંક કરવામાં આવી છે. જેને લઈને પંચમહાલ જિલ્લા ચૂંટણીતંત્ર પણ સક્રિય બન્યું છે. ત્યારે જિલ્લામાં ચૂંટણીની પૂર્વ તૈયારીઓને આખરી ઓપ અપાઈ રહ્યો છે. ત્યારે જનરલ ઓબ્ઝર્વર તથા પોલીસ ઓબ્ઝર્વર સાથે જિલ્લા ચૂંટણી અધિકારી સુજલ મયાત્રાએ પૂર્વ તૈયારીઓની સમીક્ષા કરવા માટે સરકારી એન્જિનિયરિંગ કોલેજ છબનપુર ખાતે મતગણતરી કેન્દ્રની મુલાકાત લીધી હતી.

જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા, પાર્કિંગ વ્યવસ્થા સહિતની તમામ પ્રકારની તૈયારીઓ માટે સ્થળ મુલાકાત લઈને ઓબ્ઝર્વરો તરફથી ઉપસ્થિત અધિકારીઓને જરૂરી સલાહ સૂચનો કરાયા હતા.

આ આ પ્રસંગે જિલ્લા પોલીસ અધિક્ષક હિમાંશુ સોલંકી, નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી નેહા ગુપ્તા સહિત ચૂંટણીલક્ષી કામગીરી માટે નિમાયેલા નોડલ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## મોરવા હડફ તાલુકાના અગરવાડા ગામે રસ્તો ઓળંગી રહેલા રાહદારી મહિલાને બાઈકચાલકે અડફેટે લઈ ઈજાઓ પહોંચાડી

મોરવા(હ),

મોરવા હડફ તાલુકાના અગરવાડા ગામે આવેલા કોલોની ફળિયામાં રહેતા જશોદાબેન વીરસિંહ બારીયા ગત ૧૪ તારીખે સવારના સમયે પોતાના ઘર નજીક મોરવા હડફ સૂલિયાતને જોડતો હાઈવે પસાર કરી રહ્યા હતા. તે વેળાએ પૂરઝડપે બાઈક લઈને આવેલા બાઈકચાલકે તેઓને અડફેટે લીધા હતા. જેમાં જશોદાબેનને જમણા પગ તેમજ હાથ અને માથાના ભાગે ઈજાઓ પહોંચી હતી. અકસ્માત બાદ બાઈક ચાલક ફરાર થઈ ગયો હતો. સમગ્ર અકસ્માત અંગે જશોદાબેનના પુત્ર સંજય દ્વારા મોરવા હડફ પોલીસ મથકે બાઈક ચાલક સામે બાઈકના નંબરના આધારે ફરિયાદ નોંધાવવામાં આવી હતી.



તસ્વીર : સંજય કલાલ, ફતેપુરા

**ફતેપુરા વિધાનસભા વિસ્તારના સંજેલી તાલુકાના પીનેશભાઈ ચારેલ આમ આદમી પાર્ટીમાં અગાઉ પ્રચાર પ્રસાર શરૂ કર્યો હતો અને વિકાસ કામોની ગેરંટી નો પ્રચાર પ્રસાર શરૂ કર્યો હતો. જેઓને આપ પાર્ટી દ્વારા આપવામાં આવતી ગેરંટી માત્ર પ્રચાર પ્રસાર પૂર્તિ જ હોવાનું જણાતા આપ પાર્ટીને જાકારો આપ્યો હતો અને ડબલ એન્જિનની ભાજપ સરકારમાં જોડાવવાની ઈચ્છા વ્યક્ત કરી હતી.**

## શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી ગોધરાના NSS વિભાગનું ગૌરવ



ગોધરા,

શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટી સંલગ્ન સાર્વજનિક કોમર્સ કોલેજ ગોધરાના એનએસએસના વિદ્યાર્થી બારીયા પ્રિતેશકુમાર ગૌતમ કુમારે તાજેતરમાં ઓપન ઉત્તર ગુજરાત એટલેટીક્સ ચેમ્પિયનશિપમાં શોર્ટપૂટમાં પ્રથમ નંબર મેળવી સમગ્ર ઉત્તર ગુજરાતમાં શ્રી ગોવિંદ ગુરૂ યુનિવર્સિટીના નામનો ડંકો વગાડી દીધો છે, સાથે સાથે તેમણે ડિપાર્ટમેન્ટ ઓફ એનએસએસ, કોમર્સ કોલેજ ગોધરા એનએસએસ અને સમગ્ર ગોધરાનું પણ ગૌરવ વધાર્યું છે. પ્રિતેશ કોમર્સ કોલેજ ગોધરાના દ્વિતીય વર્ષમાં અભ્યાસ કરતા વિદ્યાર્થી છે. શોર્ટપૂટ એમનો શોખ રહેલો છે અને તેમણે શોર્ટપૂટમાં પ્રથમ નંબર મેળવી યુનિવર્સિટી સાથે કોમર્સ કોલેજ ગોધરાને ગૌપાવ્યું છે. ત્યારે યુનિવર્સિટીના કુલપતિ પ્રો. પ્રતાપસિંહ ચૌહાણ, યુનિવર્સિટી એનએસએસ કોડીનેટર ડો. નરસિંહભાઈ પટેલ, કોમર્સ કોલેજ ગોધરાના પ્રમુખ અને પૂર્વ સાંસદ એવા ગોપાલસિંહજી સોલંકી, કોમર્સ કોલેજ ગોધરા એનએસએસ પીઓ ડો. અરૂણસિંહ સોલંકી સહિત તમામ મહાનુભાવો એ પ્રીતેશને અભિનંદન પાઠવ્યા છે.

## હાલોલ બાયપાસ ઉપર સ્પીડ બ્રેકર્સને કારણે અવાર નવાર અકસ્માતનો વણજાર




હાલોલ,

હાલોલ બાયપાસ ઉપર આવેલા સ્પીડ બ્રેકર્સ વધુ એક વખત અકસ્માતનું કારણ બન્યા છે. હાલોલથી કંજરી ગામ જવા માટે અંડર પાસ બનાવવામાં આવ્યો છે. ઓવરબ્રિજ ઉપરથી વાહનો પસાર થતા વારંવાર અકસ્માતો સર્જાય છે. હાઈવે ઉપર ચારરસ્તાની બંને તરફ સ્પીડ બ્રેકર્સ લગાવવામાં આવ્યા છે. જેના કારણે નાના વાહનોના અકસ્માતો અટકી ગયા છે. પરંતુ હાઈવે ઉપર સ્પીડ બ્રેકર્સ આવી જતા કતાર બંધ જતા મોટા વાહનો વચ્ચે વારંવાર અકસ્માતો સર્જાય છે.

ચાલકને બહાર કાઢવાની કામગીરી હાથ ધરાઈ થોડા જ સમય પહેલા આ સ્થળે સ્પીડ બ્રેકર્સને કારણે કન્ટેઈનરની પાછળ સુરતથી પાવાગઢ દર્શને આવેલા ભક્તોની લક્ઝરી બસ ઘુસી જતા અકસ્માત સર્જાયો હતો. જ્યાં અકસ્માત સર્જાયો છે. તે જ સ્થળેથી દિલ્હીના મુખ્ય મંત્રી અરવિંદ કેજરીવાલ પધારવાના છે. આ જ સ્થળેથી હાલોલમાં તેઓનો રોડ શો યોજવાનો હોય મોટી માત્રામાં આમ આદમી પાર્ટીના કાર્યકરો એકત્ર થયા છે. ત્યારે આ સ્થળ ઉપર અકસ્માત સર્જાતા ભારે ભીડ એકત્ર થઈ છે. જેને કારણે પોલીસે ટ્રાફિક હટાવવા માટે પણ ભારે રહેમત ઉઠાવવી પડી રહી છે. અકસ્માતમાં ગંભીર રીતે ઘવાયેલા કન્ટેઈનરના ચાલકને ક્રેન, કટર જેવા સાધનોની મદદ લઈ બહાર કાઢવાની કામગીરી કરવામાં આવી રહી છે.

## સમગ્ર પંચમહાલ જિલ્લામાં ચકચાર જગાવનાર લાંચના કિસ્સામાં આરોપી પોલીસ અધિકારીની ડીસ્ચાર્જની અરજી નામંજૂર કરતી સ્પેશિયલ કોર્ટ

ગોધરા,

ઓક્ટોબર ૨૦૧૮ ના અરસામાં ગોધરા તાલુકા પોલીસ સ્ટેશન માં એ.એસ.આઈ તરીકે ફરજ બજાવતા દિનેશભાઈ હરજીભાઈ ડામોર દ્વારા ફરિયાદી પાસે લાંચની માંગણી કરવામાં આવી હતી અને તે બાદ તેમના સાથી પોલીસ અધિકારી રાજેશ રંગજીભાઈ તાવિયાડ મારફતે લાંચની રકમ રૂ. ૧૫૦૦૦ પુરા સ્વીકારતા ઝડપાઈ ગયેલા જેથી ગોધરા એ.સી.બી પોલીસ સ્ટેશનમાં ગુન્હો નોંધવામાં આવ્યો હતો. જે ગુન્હા ના કામે તપાસ કરનાર અધિકારીએ આરોપીઓ વિરૂદ્ધ નામદાર કોર્ટમાં ચાર્જશીટ દાખલ કરતાં નામદાર કોર્ટમાં કેસ ચાલવા ઉપર આવતા આરોપી દિનેશભાઈ હરજીભાઈ ડામોર દ્વારા નામદાર કોર્ટમાં ડીસચાર્જ અરજી દાખલ કરવામાં આવી હતી. જે અરજીની સુનાવણી પંચમહાલ જિલ્લાના સ્પેશિયલ એ.સી.બી કોર્ટ જે.સી. દોશી સમક્ષ ચાલી જતાં કોર્ટ દ્વારા જિલ્લા સરકારી વકીલ રાકેશ એસ. ઠાકોરની વિગતવારની દલીલો તથા તમામ કેસ કાગળોને દયાનમાં રાખીને આરોપીની ડીસ્ચાર્જ અરજી નામંજૂર કરી છે.

## ગોધરા તાલુકાના કલ્યાણા ગામનો યુવાન બે દિવસ પહેલા બાઈક ઉપર થી પટકાયેલ યુવાનનો મૃતદેહ મળી આવ્યો

ગોધરા,

ગોધરા તાલુકાના કલ્યાણા ગામનો યુવાન હાલોલ તરફ થી નર્મદા કેનાલ ઉપર ગામે આવતાં હોય દરમિયાન અસાયડી ગામે બાઈક ડીવાઈડર સાથે અથડાતા કેનાલમાં પડેલ યુવાનનો મૃતદેહ બે દિવસે રતનપુર કાંટડી નજીક કેનાલ માંથી મળ્યો. પ્રાપ્ત વિગતો મુજબ ગોધરા તાલુકાના કલ્યાણા ગામે રહેતા યુવરાજસિંહ મહોબતસિંહ રાઠોડ ઉ.વ.૨૫ તા. ૧૭ નવેમ્બરના રોજ હાલોલ થી ગામે નર્મદા કેનાલવાળા રસ્તે આવતાં હતા. ત્યારે અસાયડી ગામ પાસે બાઈક આગળ કુતરૂ આવી જતાં બાઈક ડીવાઈડર સાથે અથડાતા ચાલક યુવરાજસિંહ નર્મદા કેનાલમાં પડી ગયેલ હોય તેમનો મૃતદેહ બે દિવસ બાદ રતનપુર કાંટડી ગામ પાસે કેનાલ માંથી મળી આવ્યો. આ બાબતે કાંકણપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી.

## કાલોલના બાકરોલ ગામ પાસે બાઈક આગળ જાનવર આવતાં બાઈક ઉપરથી પટકાયેલ યુવાનનું મોત

કાલોલ,

કાલોલ તાલુકાના બાકરોલ ગામે રોડ ઉપર થી પસાર થતી બાઈક આગળ જનાવર આવી જતાં બાઈક ઉપરથી પટકાયેલ બાઈક ચાલકને ઈજાઓ થતાં મોત નિપજાવા પામ્યું.

પ્રાપ્ત વિગતો મુજબ કાલોલ તાલુકાના બાકરોલ ગામે રોડ ઉપર થી બાઈક નં. જીજે.૦૬.એમએફ.૬૫૩ના ચાલક ધવલભાઈ ગોહિલ પોતાનું વાહન પુરઝડપે હંકારી લાવી કોઈ જાનવર સાથે અથડાઈ જતાં બાઈક ઉપર થી ફંગોળાઈ ધવલભાઈને માથાના ભાગે ગંભીર ઈજાઓ થતાં સારવાર દરમિયાન મોત નિપજાવા પામ્યું. આ બાબતે કાલોલ પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી.